Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

यातं भोगाभिलाषैरखिलमिदमहो जीवितं तावकीनं ।
यत्नो नैव त्वयात्र कृत इह जननक्लेशविच्छेदहेतुः ॥
त्यक्त्वासक्तिं गजेन्द्रश्रुतिशिखरचलेष्वेषु भोगेषु शीघ्रं ।
'आत्मानन्द प्रकाशं' कुरु हृदयगतं येन शश्वत्सुखं स्यात् ॥ १ ॥

पु. २१. | वीर सं. २४५०. वैशाख. आत्म सं. २८ | अंक १० मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ વીર વચનામૃત ચાતક. ... | ... ૨૨૩ | ૬ શ્રી જયવંતસૂરિ.... ... | ... ૨૪૧ |
| ૨ "અણુમોલા રત્નો." ... | ... ૨૨૪ | ૭ સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્. | ૨૪૫ |
| ૩ જૈન ન્યાયનો ક્રમિક વિકાસ. | ... ૨૨૫ | ૮ જૈન સાહિત્ય પરિષદ્‌ની યોજના. | ૨૪૯ |
| ૪ તમારી શક્તિનો વ્યય ક્યાં થાય છે? | ૨૩૩ | ૯ વર્તમાન સમાચાર. ... | ... ૨૪૯ |
| ૫ જૈન ઐતિહાસિક સાહિત્ય. | ... ૨૩૮ | ૧૦ ગ્રંથાવલોકન અને સુધારો. | ૨૫૧–૨૫૨ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા માનવંતા ગ્રાહકોને નમ્ર સૂચના—

આ માસિકનો આ દશમો અંક છે. બે માસ પછી આત્માનંદ પ્રકાશ માસિકનું એકવીશમું વર્ષ પુરૂં થશે અને બાવીશમા વર્ષમાં તે પ્રવેશ કરશે. આ ચાલતા વર્ષ માટે રસિક, સુબોધક સરલ અને આત્મિક આનંદ પમાડે તેવો ગ્રંથ ભેટ આપવા માટે છપાય છે. આ માસિકના સુજ્ઞ ગ્રાહકોને અત્યારસુધી જે જે ભેટના અપૂર્વ ગ્રંથો અપાયેલ છે તે તેઓની ધ્યાન બહાર નથી, તેમજ અન્યે તેવી બુકો આપેલ પણ નથી, જેથી દરેક ગ્રાહકોએ પોતાનું લવાજમ જલદી મોકલી આપવું. અથવા ભેટની બુક મોકલીયે ત્યારે તેનું વી. પી. સ્વીકારી લેવું. વી. પી. પાછું વાળી વી. પી. નો નકામો ખર્ચ અમોને કરાવી જ્ઞાનખાતાને નુકસાન કરવું કે પોસ્ટ ખાતાને નકામી મેહેનતમાં ઉતારવું તે સુજ્ઞ બંધુઓનું કર્તવ્ય નથી.

## "શ્રી નેમનાથ પ્રભુનું (નવ ભવનું) ચરિત્ર."

આ ગ્રંથમાં શું જોશો ? શ્રી નેમનાથ પ્રભુ અને સતી રાજેમતીનો નવ ભવનો ઉત્તરોત્તર આદર્શ પ્રેમ અને અપૂર્વ વર્ણન, પતિ પત્નીનો અલૌકિક સ્નેહ, સતી રાજેમતીના સતીપણાનો વૃત્તાંત, પ્રભુની બાળક્રીડા, વગેરે પ્રસંગોની જાણવા યોગ્ય હકીકતો, તેમજ શ્રી વસુદેવ રાજાનું ચરિત્ર અને ઉચ્ચ પ્રકારની પુણ્યપ્રકૃતિનું વર્ણન ખાસ વાંચવા લાયક છે. વળી શ્રીકૃષ્ણ વાસુદેવનું ચરિત્ર, વૈભવ, પરાક્રમ, રાજ્યવર્ણન. પ્રતિવાસુદેવ જરાસંધનો વધ, નેમનાથ પ્રભુ પ્રત્યેની શ્રીકૃષ્ણની અપૂર્વ ભક્તિ, તદ્ભવ મોક્ષગામી શ્રીકૃષ્ણ વાસુદેવના પુત્રો શાંબ અને પ્રદ્યુમ્નનું જીવનવૃત્તાંત. મહાપુરૂષ અને સતી નળ દમયંતીનું જીવન ચરિત્ર, દુઃખના વખતમાં રાખેલી અખુટ ધૈર્યતા, શિયલ સાચવી બતાવેલો અપૂર્વ મહિમા, અને સતી દમયંતીની શાંતિ અને પતિ પરાયણતા તો વાંચકને આશ્ચર્ય પમાડે છે. જૈનોનું મહાભારત, પાંડવોનું જીવન ચરિત્ર, કુરૂક્ષેત્રમાં પાંડવ કૌરવોનું ( ન્યાય અન્યાયનું ) યુદ્ધ, સતી દ્રૌપદીનો સ્વયંવર અને પાછલા ભવનું વર્ણન, પાંડવો સાથે લગ્ન, સતી દ્રૌપદીનો જૈન ધર્મ પ્રત્યે નિકટ પ્રેમ, પતિ સેવા, શિયલ વર્ણન, ચારિત્ર અને મોક્ષ એ વગેરે. આટલા આટલા મુખ્ય ચરિત્રો, તેમજ અંતર્ગત બીજા પણ સુંદર વૃત્તાંતો, અને શ્રી નેમનાથ ભગવાનના જન્મ મહોત્સવ, દિક્ષા, દેશના, પરિવાર અને છેવટે મોક્ષ વગેરેનું વર્ણન આ ગ્રંથમાં ગ્રંથકાર મહારાજ શ્રીગુણવિજયજી વાચકે એટલું બધું વિસ્તારથી, સુંદર અને સરલ રીતે આપ્યું છે કે, અત્યાર સુધીનાં શ્રી નેમનાથ પ્રભુના પ્રકટ થયેલા ચરિત્રો કરતાં આ પ્રથમ પંક્તિએ આવે છે. આ ગ્રંથ ખાસ પઠન પાઠન કરવા જેવો, આલ્હાદ ઉત્પન્ન કરે તેવો, દરેક મનુષ્ય વાંચી પોતાનું વર્તન ઉચ્ચ ધર્મિષ્ટ બનાવી પોતા માટે મોક્ષ નજીક લાવી શકે તેવો છે. કિંમત બે રૂપીયા. પોસ્ટેજ જુદું.

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

## વાંચનના પ્રેમી બંધુઓ માટે ખાસ નવા વાંચવા યોગ ઉત્તમ ગ્રંથો.

| | | |
|---|---|---|
| ૧ | પંચપરમેષ્ટી ગુણમાળા, | ૧–૮–૦ |
| ૨ | સુમુખનૃપાદિ કથા. | ૧–૦–૦ |
| ૩ | શ્રીનેમનાથ ચરિત્ર. | ૨–૦–૦ |
| ૪ | શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર. | ૨–૦–૦ |
| ૫ | શ્રી અભયકુમાર ચરિત્ર ભાગ ૧ લો. | ૨–૦–૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

अपगतमले हि मनसि स्फटिकमणाविव रजनिकरग-
भस्तयो विशन्ति सुखमुपदेशगुणाः, गुरुवचनम-
मलमपि सलिलमिव महदुपजनयति श्रवणा-
स्थितं शूलमभव्यस्य ।

कादम्बरी.

पुस्तक २१ ] वीर संवत् २४५० वैशाख आत्म संवत् २८. [ अंक १० मो.

## वीर वचनामृत चातक.

( રાગ–દેશ. )

વીર વચનામૃત નાજ ! ચાતક ! વીર૦

રસભર તત્વ ભર્યાં અતિ સુંદર, ગુઢ ગંભીર અવાજ;
વીર પ્રભુ મુખથી ઉચ્ચરીયાં, તારણુ તરણુ જહાજ ! ચાતક. ૧

અનેકાંત સ્યાદ્વાદ તત્વ છે, જૈન ધર્મની પાજ !
જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ સત્ય છે, એ વીર વાણી સદાજ ! ચાતક. ૨

પ્રમાદ ક્ષણુનો કદિ ન કરવો, દયા–ધર્મ મૂલમાંજ !
ક્ષમા વીરનું ભૂષણુ સાચું, ભવ જળ તારણુ જહાજ ! ચાતક. ૩

કર્યાં કર્મ ભોગવવાં નિશ્ચે, કોઈ કરે નવ સાજ;
આત્મ–જ્ઞાન વિણુ મુક્તિ મળે નહિં, મુક્તિ સત્ય સ્વરાજ ! ચાતક. ૪

ધન્ય વચન એવાં રસ ભરીયાં, શ્રી વીર પ્રભુજીનાંજ !
"મણિમય" મોંઘાં મર્મ ભર્યાં, કો ઝીલશે ચાતક આજ ! ચાતક. ૫

પાદરાકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " *અણમોલા રત્નો. "

સુંદર આ કંઇ સૂત્રો શાસ્ત્રોએ કહ્યાં,
 અણમોલા રત્નોશા શિક્ષાપાઠ જો;
તેજસ્વી કલમે, એ તેજ–અનન્ત–ની,
 રેખાથી આલેખો હૃદયે ગાઢ જો. સુંદર૦ ૧

[1]ધરવી આશા–પ્રત્યાશા, કદિયે ભલે,
 દુઃખાભ્રે તુજ હૃદયાકાશ છવાય જો;
તજી ગ્લાનિ ઉલ્લાસે મનને રાખવું,
 વિકટ નિશા પછી સુખ અરૂણોદય થાય જો. સુંદર૦ ૨

[2]રાખો શ્રદ્ધા એ પરમાત્મા–એક–માં,
 ભલે નાવ તુજ ભાગ્યતણું પ્રેરાય જો;
શાન્ત સાગરે કે તોફાને, છે પ્રભુ,
 મર્ત્ય–અમર્ત્ય સરવનો પાલનહાર જો. સુંદર૦ ૩

[3]ધરો પ્રેમ સૃષ્ટિના પ્રાણી માત્રમાં,
 ભ્રાતૃભાવથી વળી સંબોધો સર્વ જો;
સૂર્ય ચંદ્રસમ દાનહસ્ત પ્રસરાવવો,
 અખિલ જગતમાં સ્થળેસ્થળે વિણગર્વ જો. સુંદર૦ ૪

આ સૂત્ર આશા, પ્રેમ ને શ્રદ્ધાતણા અંકિત કરી
 હૃદયે, અનેરી મેળવો શુભ લ્હાણ જીવનની ખરી;
તુજ કાયનૌકા સિન્ધુમાં ભયમાં છૂતાં દૃઢતર થશે,
 ચક્ષુવિહુણા દેહમાં પણ સુપ્રકાશ પ્રકટશે. સુંદર૦ ૫

સુરત–વડાચૌટા વિદ્યાર્થીભવન,
ચૈત્રી પ્રતિપદા.

S. M. Spectator.

* એક અનુવાદ. ૧ Have hope. ૨ Have Faith. ૩ Have Love.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# *જૈન ન્યાયનો ક્રમિક વિકાસ.

**ન્યાય અને ન્યાયશાસ્ત્ર**—જે અનુમાન પ્રણાલિકાથી સંદિગ્ધ વસ્તુનો નિર્ણય કરી શકાય છે, તે અનુમાન પદ્ધતિને ન્યાય કહેવામાં આવે છે. જે શાસ્ત્રમાં આવી અનુમાન પદ્ધતિનો વિચાર મુખ્યપણે હોય છે; તે શાસ્ત્ર ન્યાય–સાહિત્યમાં સ્થાન લે છે. ન્યાય–શાસ્ત્રમાં માત્ર ન્યાયની અનુમાન પદ્ધતિનીજ ચર્ચા હોય તેમ કાંઇ નથી હોતું, તેમાં સમગ્ર પ્રમાણોનું નિરૂપણ હોય છે. એટલુંજ નહીં પણ તેમાં પ્રમેયોનું નિરૂપણ સુધાં હોય છે. છતાં એટલું ખરૂં કે તેવી જાતના સાહિત્યમાં પ્રમાણ નિરૂપણે અને તેમાંયે અનુમાન પદ્ધતિના નિરૂપણે મોટો ભાગ રોકેલો હોય છે, તેથીજ તેવી જાતનું સાહિત્ય "प्राधान्येन व्यपदेशा भवन्ति" એ ન્યાયને અનુસરી ન્યાય સાહિત્ય કહેવાય છે.

ચેતન સૃષ્ટિમાં મનુષ્ય જાતિનું મહત્વ તેની બુદ્ધિને લીધે છે. તેની બુદ્ધિની મહત્તા વિચાર–સ્વતંત્રતાને લીધે છે. વિચાર સ્વાતંત્ર્ય એ તર્ક અને જીજ્ઞાસા શક્તિનું પરિણામ છે. તેથી જ્યારે કોઇ બ્હારનું કે અંદરનું દબાણ ન હોય, ત્યારે હરકોઇ મનુષ્યની બુદ્ધિ આપોઆપ શંકા અને તર્ક કર્યા કરે છે, અને તેમાંથી જ કલ્પના શક્તિ ખીલતાં ક્રમે અનુમાન પદ્ધતિ નિષ્પન્ન થાય છે. આ કારણથી ન્યાય એ કોઇ પણ દેશની કોઇ પણ મનુષ્ય જાતિની વિકસિત કે વિકાસ પામતી બુદ્ધિનું એક દશ્ય સ્વરૂપ છે. થોડામાં કહીએ તો મનુષ્ય જાતિની વિચાર–શક્તિ એ એક માત્ર ન્યાયશાસ્ત્રનું ઉદ્‌ગમ સ્થાન છે.

છતાં દેશભેદ કે સંપ્રદાય ભેદથી ન્યાયશાસ્ત્રના વિભાગ પડી જાય છે. જેમ કે—પશ્ચિમ ન્યાયશાસ્ત્ર, પૂર્વીય ન્યાયશાસ્ત્ર. પૂર્વના ન્યાયશાસ્ત્રમાં પણ વૈદિક, બૌદ્ધ અને જૈન એ મુખ્ય ભાગો છે.

**ત્રણ ભેદોનું પારસ્પરિક અંતર**—આવા ભાગો પડી જવાનું મુખ્ય કારણ સંપ્રદાય ભેદ એ તો છે જ, પણ બીજાંએ ખાસ કારણો છે. જેમકે ભાષાભેદ, નિરૂપણ પદ્ધતિની ભિન્નતા અને ખાસ કરી સાંપ્રદાયિક પ્રમેયોની અને માન્યતાઓની ભિન્નતાને લીધે ઉપસ્થિત થયેલો પ્રસ્થાન ભેદ. વૈદિક ન્યાયનું પ્રસ્થાન વેદને પ્રમાણ માની તેને અનુકુળ ચાલવામાં છે. બૌદ્ધ ન્યાયનું પ્રસ્થાન વેદ કે અન્ય આગમ પ્રમાણને આશ્રિત ન રહી પ્રધાનપણે અનુભવને આધારે ચાલવામાં છે. જૈન ન્યાયનું પ્રસ્થાન વેદના પ્રામાણ્યનો સ્વીકાર ન કર્યા છતાં પણ શબ્દનું પ્રામાણ્ય સ્વીકારી ચાલવામાં છે. તે ઉપરાંત આ ત્રણે મુખ્ય સંપ્રદાયના ન્યાયની ભિ-

* શ્રી ભાવનગરમાં ભરાયેલી સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્ માટે પંડિત સુખલાલજીએ લખેલો નિબંધ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞતાનું એક બીજું પણ બીજ–કારણ છે અને તે વિષયભેદ. વૈદિક ન્યાય કોઇ પણ તત્ત્વને સિદ્ધ કરતો હોય ત્યારે તે સાધ્ય તત્ત્વને અમુક એક રૂપેજ સિદ્ધ કરે છે. જેમકે આત્મા વગેરે તત્ત્વોને વ્યાપક અથવા નિત્યરૂપેજ અને ઘટ આદિ પદાર્થોને અનિત્ય રૂપેજ. બૌદ્ધ ન્યાય આંતર કે બાહ્ય સમગ્રતત્ત્વોને એકરૂપેજ સિદ્ધ કરે છે, પણ તે એકરૂપ માત્ર ક્ષણિકત્વ. તેમાં ક્ષણિકત્વના વિરૂદ્ધ પક્ષ સ્થાયિત્વને કે નિત્યત્વને બિલકુલ અવકાશ નથી. જૈનન્યાય એ વૈદિક અને બૌદ્ધન્યાયની વચ્ચે રહી પ્રત્યેક સાધ્ય તત્ત્વને માત્ર એકરૂપે સિદ્ધ ન કરતાં અનેકરૂપે સિદ્ધ કરે છે. આ કારણથી જૈન ન્યાય બીજા ન્યાયો કરતાં જુદો પડે છે. સંક્ષેપમાં એમ કહી શકાય કે જે ન્યાય જૈનાચાર્યોએ રચેલો હોય, જે કેવળ પૌરૂષેય આગમનું પ્રામાણ્ય સ્વીકારી ચાલતો હોય અને કોઇપણ તત્વનું સાપેક્ષ દૃષ્ટિએ નિરૂપણ કરતો હોય તે જૈનન્યાય.

**એક બીજાના પ્રભાવથી થયેલ વિચારક્રાંતિ**—એક સંપ્રદાય અમુક તત્ત્વો ઉપર વધારે ભાર આપતો હોય, ત્યારે જાણે કે અજાણે તેનો પ્રભાવ બીજા પાડોશી સંપ્રદાયો ઉપર અનિવાર્ય રીતે પડે છે. જો જૈન અને બૌદ્ધ સંપ્રદાયની અહિંસાનો પ્રભાવ વૈદક સંપ્રદાય ઉપર પડયાની વાત માની લેવા તૈયાર થઇએ તો સત્ય ખાતર એ પણ માની લેવું જોઇએ કે વૈદિક વિદ્વાનોની દાર્શનિક પદ્ધતિની અસર બીજા બે સંપ્રદાયો ઉપર પડી છે. જો કે સામાન્ય ન્યાયસાહિત્યના વિકાસમાં ત્રણે સંપ્રદાયોના વિદ્વાનોએ અને આચાર્યોએ ફાળો આપ્યો છે, છતાં પહેલેથી છેલ્લે સુધીનો ન્યાયસાહિત્યનો તથા પઠન–પાઠનનો ઇતિહાસ જોતાં એવા નિર્ણય ઉપર આપો આપ આવી જવાય છે કે ન્યાયના તત્વોની વ્યવસ્થા કરવામાં પ્રધાનસ્થાન વૈદિક વિદ્વાનોનું છે. એ વિષયમાં તેઓનો પ્રભાવ સ્પષ્ટ છે અને આજ કારણથી ક્રમે ક્રમે બૌદ્ધ અને જૈન વિદ્વાનો પોતાની આગમમાન્ય પાલી અને પ્રાકૃત ભાષા છોડી વૈદિક સંપ્રદાય–માન્ય સંસ્કૃત ભાષામાં પોતાની પદ્ધતિએ ન્યાયના ગ્રંથો રચવા મંડી ગયેલા છે.

**જૈન સાહિત્યની પ્રધાન બે શાખાઓ**—ભગવાન્ મહાવીરના સમયમાં જૈન સંઘ પ્રધાનપણે મગધ અને તેના આસપાસના પ્રદેશોમાં હતો. પછી લગભગ એક સૈકા બાદ તે સંઘ બે દિશાઓમાં વહેંચાયો. એક ભાગ દક્ષિણમાં અને બીજો ઉત્તરમાં. ત્યાર બાદ થોડાક સૈકાઓ વ્યતીત થયા કે તે વહેંચાયેલ બે ભાગો સ્પષ્ટરૂપે જુદા પડી ગયા. એક દિગંબર અને બીજો શ્વેતાંબર. દક્ષિણવર્તી શ્રમણ સંઘ પ્રધાનપણે દિગંબર સંપ્રદાયી થયો, અને ઉત્તરવર્તી શ્રમણ સંઘ પ્રધાનપણે શ્વેતાંબર સંપ્રદાયી થયો. આ રીતે વિભક્ત થયેલ શ્રમણ સંઘે જે સાહિત્ય રચ્યું તે પણ બે ભાગમાં આપોઆપ વહેંચાઇ ગયું. પહેલું દિગંબરીય સાહિત્ય અને બીજું શ્વેતાંબરીય સાહિત્ય. મૂળમાં અવિભક્ત જૈન સાહિત્યના આ રીતે મુખ્ય બે ભાગલા પડી ગયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિગંબરીય શ્રમણ સંઘનું પ્રાધાન્ય દક્ષિણમાં હોવાથી તે સંપ્રદાયનું મૌલિક સાહિત્ય ત્યાંજ ઉત્પન્ન થયું પોષાયું, વિકાસ પામ્યું અને સંગ્રહાયું. તે સાહિત્યના રચયિતા પ્રધાન પ્રધાન આચાર્યો જેવા કે, કુંદકુંદ, સંમતભદ્ર વગેરે ત્યાંજ થયા. શ્વેતાંબર શ્રવણસંઘનું પ્રાધાન્ય પહેલાં તો ઉત્તર હિંદુસ્થાન ( રજપુતાના ) માં અને ક્રમે ક્રમે પશ્ચિમ હિંદુસ્થાન ( કાઠીયાવાડ, ગુજરાત )માં વધતું ગયું, તેથી તે સંપ્રદાયનું સાહિત્ય ઉત્તર અને પશ્ચિમમાં ઉત્પન્ન થયું અને વિકસ્યું છે. તેમ જ તે સાહિત્યના રચયિતા આચાર્યો પણ તેજ પ્રદેશમાં થયેલા છે. ઉત્તર કરતાં પશ્ચિમ હિંદુસ્થાનમાં શ્વેતાંબર સંપ્રદાયની સત્તા વધેલી તેથી જ છેલ્લા લગભગ પંદરસો વરસનું તે સંપ્રદાયનું સાહિત્ય પ્રધાનપણે કાઠિયાવાડમાં અને ગુજરાતમાં લખાયું, રચાયું, પોષાયું, વિકસિત થયું, અને સંગ્રહાયું છે. આ રીતે જૈન સાહિત્યની મુખ્ય બે શાખા આપણી નજરે પડે છે.

**બન્ને શાખાઓના સાહિત્યમાં નવયુગ**—આ બન્ને શાખાઓના શરૂઆતના ગ્રંથો જોતાં એમ સ્પષ્ટ જણાય છે કે. તેની નિરૂપણ પદ્ધતિ માત્ર સિદ્ધાંત રૂપે હતી. તત્ત્વજ્ઞાન હોય કે આચાર હોય બન્નેનું નિરૂપણ ઉપનિષદ જેવી સરળ પ્રાચીન પદ્ધતિએ થતું, પણ પહેલાં કહેવામાં આવ્યું છે તેમ વૈદિક દર્શનોમાં ન્યાય દર્શને વિશિષ્ટ સ્થાન અને વિદ્વત્પ્રિયતા મેળવ્યા પછી જૈન સાહિત્યમાં પણ નવો યુગ દાખલ થયો. ન્યાય દર્શનની તર્કપદ્ધતિનો પ્રભાવ બૌદ્ધ સાહિત્ય ઉપર પ્રથમ પડ્યો. બૌદ્ધ સાહિત્ય અને વૈદિક સાહિત્ય એમ બન્નેની મિશ્રિત અસર જૈન વાઙ્મય ઉપર થઇ, તેથી જૈન આચાર્યો પણ બૌદ્ધ આચાર્યોની પેઠે પોતાની આગમસિદ્ધ ભાષા ઉપરાંત સંસ્કૃત ભાષામાં ગ્રંથો રચવા લાગ્યા. આ પહેલાં જૈન સાહિત્યમાં સંસ્કૃત ભાષાને સ્થાન ન્હોતું એમ માનવાને કોઇ ખાસ પ્રમાણ નથી; પરંતુ એટલું ખરૂં કે આ સંસ્કૃત યુગ પહેલાં જૈન સાહિત્યમાં પ્રાકૃત ભાષાનું સામ્રાજ્ય હતું. જૈન સાહિત્યમાં સંસ્કૃત ભાષાને અને તર્કપદ્ધતિને પ્રથમ પ્રતિષ્ઠિત કરનાર શ્વેતાંબર આચાર્ય કે દિગંબર આચાર્ય ? એ કહેવું કઠણ છે, પણ એમ કહી શકાય છે કે, બન્ને સંપ્રદાયના આ પરિવર્તન વચ્ચે વધારે અંતર ન હોવું જોઇએ.

**જૈન ન્યાયનું કાળમાન અને વિકાસની દૃષ્ટિએ તેના ચાર ભાગો**—શાસ્ત્રપ્રદેશમાં વિચારક્રાંતિ તથા ભાષા અને શૈલીભેદ થવાને પરિણામે જૈન સાહિત્યમાં સ્વતંત્ર ન્યાયપદ્ધતિ જન્મી. તેથી પ્રથમ એ જોવું જોઇએ કે આ જૈન ન્યાયનું વય–કાળમાન કેટલું છે અને તેના વિકાસ ક્રમને સમજવા માટે તેને કેટલા ભાગમાં વહેંચી શકીએ ?

જૈન ન્યાયના જન્મ સમયની પૂર્વ સીમા વધારેમાં વધારે વિક્રમના પહેલા સૈકાથી આગળ લંબાવી શકાતી નથી અને તેના વિકાસની ઉત્તર સીમા વિક્રમના અઢારમા સૈકાથી આગળ આવતી નથી. આ રીતે વધારેમાં વધારે જૈન ન્યાયનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળમાન અઢારસો વરસ જેટલું આંકી શકાય. પણ ઉત્તર સીમા નિશ્ચિત છતાં વિવાદાસ્પદ પૂર્વ સીમાને ઓછામાં ઓછી પાંચમી શતાબ્દીથી શરૂ કરીએ તોયે તેનું કાળમાન તેરસો ચૌદસો વરસ જેટલું તો છે જ.

જૈન ન્યાયના વિકાસની ક્રમિક પાયરીઓના ભેદ સમજવા ખાતર તે કાળમાનને સ્થૂળ રીતે ચાર ભાગમાં વહેંચી શકાય છે. પહેલો ભાગ વિક્રમના પાંચમા સૈકા સુધીનો, બીજો છઠા સૈકાથી દશમા સુધીનો, ત્રીજો ભાગ અગીયારથી તેરમા સુધીનો અને ચોથો ચૌદમાથી અઢારમા સુધીનો, આ ચાર ભાગને અનુક્રમે બીજારોપણ કાળ, પલ્લવિતકાળ, પુષ્પિત કાળ, અને ફળકાળના નામે ઓળખીએ તો જૈન ન્યાયના વિકાસને વૃક્ષના રૂપકથી સમજી શકીએ.

જૈન સાહિત્યમાં સંસ્કૃત ભાષાની પ્રતિષ્ઠા થતાં જ શરૂઆતમાં કયા વિષયો ઉપર ગ્રંથો લખાયા ? એ વિચાર પ્રસ્તુત નથી, પણ જૈન સાહિત્યમાં ન્યાયનો સૂત્રપાત કોણે અને ક્યારે કર્યો ? એટલું જ અહીં કહેવાનું છે. દિગંબર સાહિત્યમાં તર્ક પદ્ધતિની સ્પ પ્રતિષ્ઠા આચાર્ય સંમતભદ્રે અને શ્વેતાંબર સાહિત્યમાં તર્કપદ્ધતિની બલવતી પ્રતિષ્ટા આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરે કરી. આ બંને આચાર્યમાં કોણ પુર્વવર્તિ અને કોણ પશ્ચાત્‌વર્તિ એ હજી નિર્ણિત થયું નથી. પણ એ બે વચ્ચે વિશેષ અંતર ન હોવું જોઇએ. એવી સંભાવના માટે પ્રમાણો છે. આ બે આચાર્યોના સમયની ઉત્તર સીમા ઈ. સ. પાંચમા સૈકાથી આગળ લંબાવી શકાય તેમ નથી અને પુર્વસીમા લગભગ ઇ. સ. ના આરંભ પહેલાં નિર્દિષ્ટ કરી શકાય તેમ નથી.

**સિદ્ધસેન અને સંમતભદ્ર એ બંન્નેની કૃતિઓ**—સંપ્રદાયો જુદા હોવા છતાંએ બન્નેનું એક એવું પરંપરાગત સામ્ય છે કે, તે તરફ ધ્યાન ગયા વિના રહેતું નથી. દિગંબર સંપ્રદાયમાં ગંધહસ્તિના નામથી સંમતભદ્ર પ્રસિદ્ધ છે. અને તત્ત્વાર્થ ઉપરની ગંધહસ્તિ મહાભાષ્ય ટીકા તેઓની કૃતિ તરીકે પ્રસિદ્ધ છે અને આજે ઉપલબ્ધ આપ્ત મીમાંસા તે જ મહાભાષ્યનું મંગલ મનાય છે. શ્વેતાંબર સંપ્રદાયમાં સિદ્ધસેન દિવાકર ગંધહસ્તિ કહેવાય છે અને તત્ત્વાર્થ ઉપર તેઓએ ગંધહસ્તિ મહાભાષ્ય રચ્યું હતું એમ મનાય છે. બન્ને સંપ્રદાયની આ માન્યતાઓ નિરાધાર નથી, કારણ કે બન્ને સંપ્રદાયના ઘણા ગ્રંથોમાં તે બાબતના સૂચક ઉલ્લેખો મળી આવે છે.

આ બે આચાર્યોની વિશિષ્ટતા થોડામાં આ પ્રમાણે બતાવી શકાય. સમંતભદ્ર પોતાના દરેક ગ્રંથોમાં જૈન દર્શન, તેના પ્રણેતા અર્હન્‌ અને તેનો મુખ્ય સિદ્ધાંત અનેકાંત એટલાં તત્ત્વોની તર્કપદ્ધતિએ ઓજસ્વિની પ્રવાહબદ્ધ સંસ્કૃત ભાષામાં સૂક્ષ્મચર્ચા કરે છે અને સાથે સાથે અન્ય દર્શનો, તેના પ્રણેતાઓ અને એકાંતનો સોપહાસ પ્રતિવાદ કરે છે. તેઓની ઉપલબ્ધ કૃતિઓ જોતાં એમ જણાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે, સમંતભદ્ર તર્કસિદ્ધ દાર્શનિક મીમાંસા કરવામાં સિદ્ધહસ્ત હતા. સિદ્ધસેન દિવાકરે પણ જૈન દર્શન, તેના પ્રણેતા તીર્થંકર અને સ્યાદ્વાદ એ વિષયોની તાર્કિક પદ્ધતિએ પ્રતિષ્ઠા કરવા સાથે અન્ય દર્શનોનો સપરિહાસ નિરાસ કર્યો છે. તેઓની મધુર અને પ્રાસાદિક સ્વતઃસિદ્ધ સંસ્કૃત ભાષાનો પદ્ય પ્રવાહ જોઇ આચાર્ય હેમચંદ્રે તેઓને કવિશ્રેષ્ઠ જણાવવા " अनुसिद्धसेनं कवयः " એ ઉદાહરણ ટાંકયું છે. સિદ્ધસેને જૈન ન્યાયનું વ્યવસ્થિત સ્વરૂપ બાંધી તેનો સંક્ષેપમાં અભ્યાસ કરવા ઇચ્છનાર માટે ન્યાયાવતાર નામનો નાનકડો પદ્યમય ગ્રંથ રચ્યો છે. જેની મર્યાદાને આજ સુધીના સમગ્ર પ્રસિદ્ધ શ્વેતાંબર દિગંબર વિદ્વાનો અનુસર્યા છે. તે સિવાય તત્કાલીન સમગ્ર ભારતીય દર્શનોને સંક્ષેપમાં પણ મૌલિક અભ્યાસ કરવા ઈચ્છનાર માટે તે તે દર્શનનું યથાર્થ સ્વરૂપ બતાવનારા પદ્યમય ગ્રંથો રચ્યા છે અને તે રીતે આચાર્ય હરિભદ્રને ષડ્દર્શન સમુચ્ચય રચવાની અને માધવાચાર્યને સર્વદર્શન સંગ્રહ રચવાની કલ્પનાનો ખોરાક પૂરો પડ્યો છે. તત્કાલીન ભારતીય સમસ્ત દર્શનોનું નિરૂપણ કરનાર બીજી કોઇ કૃતિ તેનાથી પ્રાચીન ન મળે ત્યાંસુધી દર્શન સંગ્રહ કરવાનું પ્રાથમિક ગૌરવ સિદ્ધસેનને આપવું જોઇએ. સિદ્ધસેનની એક વેદવાદ દ્વાત્રિંશિકા જોતાં એમ તુરત ભાસે છે કે, તેમણે વેદ અને ઉપનિષદ્નો મૌલિક તેમજ તલસ્પર્શી અભ્યાસ કરેલો. સિદ્ધસેન દિવાકરનો પ્રસિદ્ધ ગ્રંથ સમ્મતિતર્ક છે, જે પદ્યમય પ્રાકૃતમાં ત્રણ ભાગમાં કુંદકુંદના પ્રવચન સારની પેઠે પૂરો થયેલો છે. આ ગ્રંથ ઉપર શ્વેતાંબર અને દિગંબર એમ બન્ને આચાર્યોએ ટીકાઓ રચી છે. તેમાં વર્ણવેલા સિદ્ધાંતો એટલા સતર્ક અને હૃદયગ્રાહી છે કે, આગળના આચાર્યો પણ તેથી વધારે મૂળ વસ્તુ કહી શકયા નથી. સમંતભદ્રની ઉપલબ્ધ કૃતિઓમાં સિદ્ધસેનના ન્યાયાવતાર જેવી કે વૈદિક છયે દર્શન અને બૌદ્ધ દર્શનનું નિરૂપણ કરનાર બત્રીશીઓ જેવી કોઇ કૃતિ નથી. વાચકોએ સિદ્ધસેનની ઉપલબ્ધ એકવીશ બત્રીશીઓ અને સમંતભદ્રની આપ્ત મીમાંસા, યુકત્યનુશાસન અને સ્વયંભૂસ્તોત્ર એ એક સાથે સામે રાખી અવલોકવાં જેથી બંનેનું પરસ્પર સાદૃશ્ય અને વિશેષતા આપોઆપ ધ્યાનમાં આવશે.

બીજા ભાગનું પલ્લવિત કાળ એ નામ રાખ્યું છે, તેનો અભિપ્રાય એટલો છે કે, સિદ્ધસેન અને સમંતભદ્ર દ્વારા બંને સંપ્રદાયોમાં જે જૈન ન્યાયનું બીજારોપણ થયું, તેને જ આ યુગમાં પલ્લવિત કરવામાં આવ્યું છે. આ યુગ દિગંબર સંપ્રદાયમાં અનુક્રમે અકલંક, વિદ્યાનંદ અને પ્રભાચંદ્ર એ ત્રણ પ્રધાન આચાર્યોએ મુખ્યપણે જૈન ન્યાયને વિસ્તાર્યો અને વિશદ કર્યો છે. શ્વેતાંબર સંપ્રદાયમાં પણ પ્રધાનપણે ત્રણ આચાર્યોએ આ યુગમાં જૈન ન્યાયને વિસ્તૃત અને વિશદ બનાવ્યો છે. શ્રી મલ્લવાદી, શ્રી હરિભદ્ર અને રાજગચ્છીય શ્રી અભયદેવ. એ ત્રણેએ અનુક્રમે કાંઈને કાંઇ વધારે વિશેષતા અર્પી છે. અકલંક આદિ ત્રણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિગંબર આચાર્યોએ જૈનન્યાયના સ્વતંત્ર ગ્રંથોએ લખ્યા છે અને સમંતભદ્ર આદિ પુર્વાચાર્યોની ન્યાયવાણીને પલ્લવિત પણ કરી છે. તેવી જ રીતે મલ્લવાદી વગેરે આ યુગના શ્વેતાંબર આચાર્યોએ જૈન ન્યાય ઉપર સ્વતંત્ર ન્યાયના ગ્રંથો લખ્યા છે અને પોતપોતાના પહેલાંની તર્કવાણીને પલ્લવિત પણ કરી છે. ઉક્ત દિગંબર ત્રણ આચાર્યો અને ઉક્ત શ્વેતાંબર ત્રણ આચાર્યોની કૃતિઓ બરાબર સામે રાખી જોવામાં આવે તો એક બીજા ઉપર પડેલો પ્રભાવ, પરસ્પરનું સાદૃશ્ય અને વિશેષત્વ ધ્યાનમાં આવ્યા વિના રહે તેમ નથી.

ત્રીજા ભાગનું નામ પુષ્પિત કાળ છે. પુષ્પો કાંઇ સંખ્યામાં પલ્લવો જેટલાં નથી હોતાં. કદાચિત્ પુષ્પોનું પરિમાણ પલ્લવોથી નાનું પણ હોય છે, છતાં પુષ્પ એ પલ્લવોની ઉત્તર અવસ્થા હોઇ તેમાં એક જાતનો વિશિષ્ટ પરિપાક હોય છે. બીજા યુગમાં જૈન ન્યાયનો જે વિસ્તાર અને સ્પષ્ટીકરણ થયાં તેને પરિણામે ત્રીજો યુગ જન્મ્યો. આ યુગમાં અને આ પછીના ચોથા યુગમાં દિગંબર આચાર્યોએ ન્યાય વિષયક કેટલાક ગ્રંથો રચ્યા છે, પણ હજુ સુધી મારી નજરે એવો એકે ગ્રંથ નથી પડ્યો કે જેને લીધે જૈન ન્યાયના વિકાસમાં તેને સ્થાન આપી શકાય. ત્રીજા યુગના શ્વેતાંબર સંપ્રદાયમાં વાદીદેવસૂરિ અને શ્રી હેમચંદ્ર એ બેનું મુખ્ય સ્થાન છે. એ ખરૂં કે આચાર્ય હેમચંદ્રની પરિચિત કૃતિઓમાં જૈન ન્યાય વિષયક બહુ કૃતિઓ નથી, તેમ પરિમાણમાં મોટી પણ નથી. છતાં તેઓની બે બત્રીશીઓ અને પ્રમાણ મીમાંસા જોનારને તેઓની વિશિષ્ટતા ધ્યાનમાં આવ્યા સિવાય નહીં રહે. અને એમ આપોઆપ જણાશે કે મોટા મોટાને લાંબા લાંબા ગ્રંથોથી કંટાળેલ અભ્યાસીઓ માટે સંક્ષેપમાં છતાં વિશેષતાવાળી રચનાઓ તેઓએ કરી અને કુલનું સૌરભ તેમાં આણ્યું. વાદીદેવસૂરિ કાંઇ કંટાળે એવા ન હતા. તેઓએ તો રત્નાકરની સ્પર્ધા કરે એવો એક સ્યાદ્વાદ રત્નાકર ગ્રંથ રચ્યો અને કોઇ અભ્યાસીને જૈન ન્યાય માટે તેમજ દાર્શનિક ખંડન મંડન માટે બીજે કયાંય ન જવાની સગવડ કરી દીધી.

ચોથો ફળ કાળ—આ યુગમાં જે સાહિત્ય રચાયું, તે ફળરૂપ છે. ફળમાં બીજથી કુલ સુધીના ઉત્તરોત્તર પરિપાકનો સાર આવી જાય છે. તેવી રીતે આ યુગના સાહિત્યમાં પહેલા ત્રણે યુગના સાહિત્યમાં થયેલા પરિપાક એક સાથે આવી જાય છે. આ યુગમાં જે જૈન ન્યાય સાહિત્ય રચાયું છે. તે જ જૈન ન્યાયના વિકાસનું છેલ્લું પગથીયું છે. કારણકે, ત્યારબાદ તેમાં કોઇએ જરાયે ઉમેરો કર્યો નથી. મલ્લીષેણની સ્યાદ્વાદમંજરી બાદ કરીને આ યુગના ફલાયમાન ન્યાય વિષયક ઉચ્ચ સાહિત્ય તરફ નજર કરીએ તો જણાશે કે તે અનેક વ્યક્તિઓના હાથે લખાયું નથી. તેના લેખક ફક્ત એક જ છે અને તે સત્તરમા અઢારમા સૈકામાં થયેલા, લગભગ સો શરદો સુધી મુખ્યપણે શાસ્ત્રયોગ સિદ્ધ કરનાર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી અને મારવાડી એ ચારે ભાષાઓમાં વિવિધ વિષયોની ચર્ચા કરનાર ઉપાધ્યાય શ્રીયશોવિજયજી છે. ઉપાધ્યાયજીના જૈન તત્વજ્ઞાન, આચાર, અલંકાર, છંદ વગેરે અન્ય વિષયોના ગ્રંથોને બાદ કરી માત્ર જૈન ન્યાય વિષયક ગ્રંથો ઉપર નજર નાંખીએ તો એમ કહેવું પડે છે કે, સિદ્ધસેન ને સંમતભદ્રથી વાદિદેવસૂરિ, અને હેમચંદ્ર સુધીમાં જૈન ન્યાયનો આત્મા જેટલો વિકસિત થયો હતો, તે પૂરેપૂરો ઉપાધ્યાયજીના તર્ક ગ્રંથોમાં મૂર્તિમાન થાય છે. અને વધારામાં તે ઉપર એક કુશળ ચિત્રકારની પેઠે તેઓએ એવા સૂક્ષ્મતાના, સ્પષ્ટતાના અને સમન્વયના રંગો પૂર્યા છે, કે જેનાથી મુદિતમના થઇ આપોઆપ એમ કહેવાય જાય છે કે, પહેલા ત્રણ યુગનું બન્ને સંપ્રદાયનું જૈન ન્યાયવિષયક સાહિત્ય કદાચ ન હોય અને માત્ર ઉપાધ્યાયજીનું જૈન ન્યાય વિષયક સંપુર્ણ સાહિત્ય ઉપલબ્ધ હોય તોય જૈન વાઙ્મય કૃતકૃત્ય છે. ઉપાધ્યાયજીએ અધિકારી ભેદને ધ્યાનમાં રાખી, વિષયોની વહેંચણી કરી તે ઉપર નાના મોટા અનેક જૈન ન્યાયના ગ્રંથો, લખ્યા. તેઓએ જૈન તર્કપરિભાષા જેવો જૈન ન્યાય પ્રવેશમાટે લઘુ ગ્રંથ રચી, જૈન સાહિત્યમાં તર્કસંગ્રહ અને તર્કભાષાની ખોટ પુરી પાડી છે. રહસ્ય પદાંકિત એકસો આઠ ગ્રંથો કે તેમાંના કેટલાક રચી જૈન ન્યાયવાઙ્મયમાં નૈયાયિકપ્રવર ગદાધર ભટ્ટાચાર્યના ગ્રંથોની ગરજ સારી. નયપ્રદીપ, નયરહસ્ય, નયામૃત-તરંગિણી સહિત નયોપદેશ, સ્યાદ્વાદ કલ્પલતા, ન્યાયાલોક, ખંડન ખંડખાદ્ય, અષ્ટસહસ્ર ટીકા આદિ ગ્રંથો રચી જૈન ન્યાય વાઙ્મયને ઉદયનાચાર્ય, ગંગેશ ઉપાધ્યાય, રઘુનાથ શિરોમણિ અને જગદીશની પ્રતિભાનું નૈવેદ્ય ધર્યું. અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ જેવા ગ્રંથોથી જૈન ન્યાય વાઙ્મયનો ગીતા, યોગવાસિષ્ટ આદિ વૈદિક ગ્રંથો સાથે સંબંધ જોડયો. થોડામાં એટલુંજ કહેવું બસ છે કે, વૈદિક અને બૌદ્ધ સાહિત્યે દાર્શનિક પ્રદેશમાં સત્તરમા સૈકા સુધીમાં જે ઉત્કર્ષ સાધ્યો હતો, લગભગ તે બધા ઉત્કર્ષનો આસ્વાદ જૈન વાઙ્મયને આપવા ઉપાધ્યાયજીએ પ્રમાણિકપણે આખું જીવન વ્યતિત કર્યું અને તેથી તેઓના એક તેજમાં જૈન ન્યાયનાં બીજાં બધાં તેજો લગભગ સમાઇ જાય છે; એમ કહેવું પડે છે.

**ઉપસંહાર**—આ લેખમાં જૈન ન્યાયના વિકાસક્રમનું ખાસ દિગ્દર્શન અને તે પણ અધુરી રીતે કરાવવામાં આવ્યું છે. આ સ્થળે જૈન ન્યાયના વિકાસક તરીકે જે જે આચાર્યોનાં નામ લેવામાં આવ્યાં છે, તેઓના જીવન, તેઓનો સમય, તેઓની કાર્યાવલિ વગેરેનો ઉલ્લેખ જરાયે નથી કર્યો. તેવીજ રીતે તેઓના સંબંધમાં જે કાંઇ થોડું ઘણું લખ્યું છે, તેની સાબીતી માટે ઉતારાઓ આપવાના લોભનું પણ નિયંત્રણ કર્યું છે, આ નિયંત્રણ કરવાનું કારણ જોઇતા અવકાશ અને સ્વાસ્થ્યનો અભાવ એ એકજ છે. આચાર્યોના જીવન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદિની વિગત એટલી બધી લાંબી છે કે, તે આપતાં વિષયાંતર થઇ જવાય. તેથી જેઓ તે વિષયના જિજ્ઞાસુ હોય તેઓની જાણ ખાતર એક છેવટ એવું પરિશિષ્ટ આપવામાં આવે છે કે, જેની અંદર ઉપર આવેલા આચાર્યોના સંબંધમાં માહિતી આપનાર ગ્રંથો નોંધેલા છે અને તેઓનું પ્રકાશિત થયેલું કેટલુંક સાહિત્ય નોંધેલું છે. એ સાહિત્ય અને ગ્રંથો જોવાથી તે તે આચાર્યોના સંબંધમાં મળતી આજ સુધીની માહિતી ઘણેભાગે કોઇપણ જાણી શકશે.

આ લેખમાં જૈન ન્યાયના પ્રણેતા અમુકજ વિદ્વાનોનો ઉલ્લેખ છે. બીજા ઘણાને છોડી દીધાં છે. તેનું કારણ એ નથી કે, તેઓનો જૈન ન્યાયના વિકાસમાં સ્વલ્પ પણ હિસ્સો ન હોય, છતાં તેવા નાના મોટા દરેક ગ્રંથકારનો ઉલ્લેખ કરતાં લેખનું કલેવર કંટાળા ભરેલ રીતે વધી જાય તેથી જે વિદ્વાનોનું જૈન ન્યાયના વિકાસમાં થોડું છતાં વિશિષ્ટ સ્થાન મને જણાયું છે, તેઓનોજ ઉલ્લેખ કર્યો છે. બાકીનાઓનું નામનું એક બીજું પરિશિષ્ટ અંતમાં આપી દેવામાં આવે છે.

આ લેખ સમાપ્ત કરતાં એક વાત તરફ વાંચકોનું ધ્યાન ખેંચું છું, તે આ—હિંદુસ્તાનના કે બ્હારના વિદ્વાનો ગુજરાતના સાક્ષરોને એમ પુછે કે ગુજરાતના વિદ્વાનોએ દાર્શનિક સાહિત્ય રચ્યું છે? અને રચ્યું હોય તો કેવું અને કેટલું? આ પ્રશ્નનો કોઇ પણ સાક્ષર હામાં અને પ્રમાણિક ઉત્તર આપી ગુજરાતનુ નાક રાખવા ઇચ્છે તો જૈન વાઙ્મય તરફ સપ્રેમ દૃષ્ટિપાત કરવો જ પડશે. એવી સ્થિતિમાં ગુજરાતના દાર્શનિક સાહિત્યનું મુખ ઉજ્જવલ કરવા ખાતર અને દાર્શનિક સાહિત્યની સેવામાં ગુજરાતનું વિશિષ્ટ સ્થાન જણાવવા માટે દરેક સાહિત્ય—પ્રેમી વિદ્વાનની એ ફરજ છે કે તેણે કેવળ સાહિત્યોપાસનાની શુદ્ધ દૃષ્ટિથી જૈન ન્યાય સાહિત્યના ગુજરાતીમાં સરલ અને વ્યવસ્થિત અનુવાદો કરી સર્વસાધારણ સુધી તેનો બોધ પહોંચતો કરવો. જૈનોનું આ સંબંધમાં બેવડું કર્ત્તવ્ય છે. તેઓએ તો સાંપ્રદાયિક મોહથી પણ પોતાના દાર્શનિક સાહિત્યને વિશિષ્ટ રૂપમાં અનુવાદિત કરી પ્રચારવાની આવશ્યકતા છે.

સુખલાલ સંઘવી.
ગુજરાત પુરાતત્ત્વ મંદિર—અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# * તમારી શકિતનો વ્યય કયાં થાય છે?

( અનુવાદક–વીરમશી નથુભાઇ વીરમશી. )

એક ટન કોલસાની અંદર છુપાયેલી તેજ–શક્તિ ( વિદ્યુત શક્તિ ) વિદ્યુતના રૂપમાં ફેરવાય તે પહેલાં તેમાંની ૯૯ ટકા શક્તિ બીજા કાર્યોમાં વપરાઈ જાય છે. આ રીતે એક ટન કોલસામાંથી આપણે ફક્ત તેના સોમાં ભાગ જેટલી વિદ્યુત મેળવી શકીએ છીએ. બાકીના ૯૯ ભાગ ગરમીના રૂપમાં ફેરવાય જાય છે. અને મશીન વિગેરેને ચલાવવામાં વપરાય જાય છે. આ શક્તિને નિરર્થક જતી કેમ અટકાવવી એ હાલના જમાનાના સાયન્ટીસ્ટો–વિજ્ઞાનશાસ્ત્રીઓની મોટામાં મોટી મુંઝવણ છે.

આવાજ ભયંકર પ્રમાણમાં માણસની શક્તિ પણ નિરર્થક જાય છે. ભાગ્યેજ માણસે વાપરેલી સો ટકા શક્તિમાંથી એક ટકા કરતા વધારે શક્તિનો ખરેખરો ઉપયોગ થાય છે. અથવા તે ધારેલા પરિણામને પાર પાડવામાં મદદ કરે છે. બાકીની શક્તિ સેંકડો રીતે બીજા કાર્યોમાં વપરાઈ જાય છે.

એક યુવાન માણસ પોતાના મગજમાં, હૃદયમાં અને સ્નાયુમાં સારા પ્રમાણમાં ભરેલી શકિત અને ઉત્સાહ વડે જીંદગીની શરૂઆત કરે છે. તે પોતાના શરીરમાં એક સતત વહેતી અમર્યાદ શકિતના સ્પર્શને અનુભવે છે તે શકિત પ્રમાણમાં પણ અમર્યાદીત્ હોય છે. તે માને છે કે જગતમાં પોતે આ શકિત વડે આશ્ચર્યકારક કાર્યો કરશે અને બધી શકિતને વિદ્યુત બનાવવામાં, મનની મુરાદો બર લાવવામાં વાપરશે. પોતાની શકિત અને યુવાનીના મદથી મદોન્મત્ત એવો આ યુવાન માને છે કે તેની શકિત ઘણી છે. અને તેથી તે ગમે તે માર્ગે પોતાની શકિતનો વ્યય કરતાં સંકોચાતો નથી. તે નજીવાં કાર્યોમાં પોતાની શકિતનો બહુધા ઉપયોગ કરે છે. અને છેવટે તેની સઘળી શકિત ક્ષય પામી જાય છે. અચાનક તે પોતાની મોહનિંદ્રામાંથી જાગ્રત થાય છે અને પોતાની જાતને મ્લાન વદને પુછે છે કે “ મેં મારી શકિત વડે ઉત્પન્ન કરવા ધારેલું વિદ્યુત બળ કયાં છે ? શું માત્ર આ ટગુમગુ થતી મીણબત્તીની જ્યોતનેજ બનાવવાને હું શકિતવાન થયો છું ? તે આશ્ચર્યચકિત વદને જોઈ રહ્યો છે કે તેની પોતાની અમર્યાદીત્ શકિતવડે પણ તે મહા મંડ નતે પોતાના માર્ગને પ્રકાશીત કરવાને શકિતવાન થયો છે. અને દુનિયાને માટે પોતા પાસે કંઈ રહ્યું નથી. જેવું પોતાની શકિતની યદ્રા તદ્રા ગપો મારી હતી અને તે દુનિયાને પોતાની ઉત્પન્ન કરેલી વિદ્યુતના તેજ વડે આંજી નાંખવા માગતો

* પ્રખ્યાત અમેરીકન લેખક “ સ્વેટ માર્ડન ” ના Be good to your self ઉપરથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો તે અર્ધ અંધારામાં ગોથાં ખાય છે. કારણ કે જે ધ્યેયને પાર પાડવામાં જે શકિતનો વ્યય થવો જોઇતો હતો તેનો વ્યય તેણે રસ્તામાંજ કરી નાંખ્યો હતો.

આપણી શકિતનો વ્યય, તે કોઇ ધ્યેયને પાર પાડવામાં અડચણકર્તા નથી. તેમજ જીંદગીને ઓછી નથી કરતો, પરંતુ આપણે જે નિરર્થક શકિતનો વ્યય કરીએ છીએ તે જરૂર કરે છે. લાખો માણસોએ પોતાની આ અમૂલ્ય શકિતનો ભોગ મૂર્ખતા ભરેલાં જીવન ગાળવામાં આપ્યો છે અને પરિણામે જે શકિત જીવન સફલ બનાવી શકે છે તેજ શકિત તેઓના જીવનરથને ચલાવવામાં અડચણકર્તા થઇ પડે છે.

એક ધનાઢ્ય પિતાના યુવાન પુત્રને માટે પણ એકજ રાતના ક્ષણભંગુર મોજશોખને માટે હજારો રૂપીયાનું પાણી કરવું તે જનસમાજની દૃષ્ટિએ ભયંકર છે પરંતુ જનસમાજને તેણે ગુમાવેલ જીવન સામર્થ્યરૂપ માનસિક અને શારીરિક શકિત–કે જે વડે તે આત્મહિત સાધી શકત–તેના પ્રમાણનો કાંઇ ખ્યાલ છે ? શું નીતિ–ભ્રષ્ટતાથી થતી અવનતિ પૈસાના વ્યયની સ્પર્ધા કરી શકશે ? જીવન શકિતના અલ્પાંશની પાસે હજારો રૂપીઆ શું વિસાતમાં છે ? ગયેલો પૈસો તો ફરી મેળવી શકાય છે પરંતુ ગેરવર્તણુકમાં ગુમાવેલી શકિત પુનઃ અલભ્ય છે. એટલુંજ નહિ પરંતુ તે હજારો રીતે નુકશાનકર્તા છે. કારણ કે તે બાકી રહેલી શકિતને વ્યર્થ કરે છે, આચાર–વિચારને ભ્રષ્ટ કરે છે અને આદર્શ જીંદગીના પાયાને હચમચાવી નાંખે છે.

પરંતુ તુચ્છ મોજશોખ હંમેશાં શકિતનો ધ્વંસ કરે છે. અનેક રીતે આપણી નજર સમક્ષ શકિતનો નાશ થઇ રહ્યો છે તે શકિત જો બચાવવામાં આવી હોત તો અદ્‌ભુત કાર્યો કરી શકત. થોડા વખત પહેલાં ન્યુયોર્કમાં છ દિવસની–સાઇકલ રેઇસ થઇ હતી. તેની અંદર ઘણા યુવકોએ, પોતે જેટલી શકિત આખા વર્ષમાં વાપરી હોત, તેથી વધારે શકિતનો વ્યય કર્યો હતો. જીવનના ભોગે પણ જય મેળવવાને ઉત્સુક થયેલા અને થાકીને લોથ પોથ થયેલા હરીફોના ચ્હેરાઓ ખરેખર દયાજનક હતાં. છેક છેલ્લી ઘડીએ હાર જીતની નિર્ણયની ગડમથલથી ચિંતાતુર થએલાં વદનોએ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. અથાગ માનસિક અને શારીરિક મહેનતથી કેટલાક મજબુત બાંધાના યુવકો જમીનપર ચત્તા પાટ સૂતા, જ્યારે કેટલાક તો સાઇકલના પૈડા ઉપર જ એવા તો સ્થંભી ગયા કે લોકોને તેમને ઉંચકીને નીચે મૂકવા પડ્યા. સ્નાયુ અને બીજા અવયવોના થાકથી ક્ષીણ થએલ મગજશક્તિથી કેટલાક તો બેશુદ્ધ બની ગયા હતા.

આ પ્રમાણે આરોગ્ય અને શક્તિ અર્પનાર અંગકસરત અને રમત ગમતને આપણે નાશકારક અને શક્તિહારક તમાસાનું રૂપ આપીએ છીએ કે જેમાં માણસો મરદાનગી અને સામર્થ્ય મેળવવાને બદલે ગુમાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક પરદેશી મુસાફર પોતાની મુસાફરીના વર્ણનમાં લખે છે કે "બીજી પ્રજાઓ જેટલી શક્તિનો સદુપયોગ કરે છે તેટલીજ આપણા દેશબંધુઓની શક્તિ એળે જાય છે." એટલું તો ખરૂં છે કે આપણામાં પવિત્રતા, સંતોષ અને સમતોલપણાનો અભાવ છે અને તેથી આપણે હંમેશાં નજીવાં કાર્યોમાં મશગુલ રહીએ છીએ.

એક પ્રખ્યાત વૈદ્ય કહે છે કે "ઘણાખરા માણસો દરેક કાર્યમાં જોઇએ તેનાથી દશગણી શક્તિ વાપરે છે. સોમાં એક પણ માણસ એવો નથી કે જે શારીરિક અવયવોનો યોગ્ય ઉપયોગ કરી જાણતો હોય. અથવા શાંતિના વખતે તેઓને પુનઃ તાજાં બનાવવાની રીતથી માહીતગાર હોય." નકામી જતી શક્તિને અટકાવવા માટે અને નવી શક્તિ એકત્ર કરવા સારૂ યોગ્ય આરામની પણ સંપુર્ણ જરૂરીઆત છે એ વાત નિર્વિવાદ છે.

પોતાની શક્તિનો યોગ્ય ઉપયોગ કરનાર સાધારણ મનુષ્ય પણ કોઇ દિવસ ભયભીત થતો નથી, અને સંપુર્ણ આરામથી વિમુખ પણ રહેતો નથી. સ્નાયુઓ અને પોતાની જાત ઉપર તે અંકુશ ધરાવે છે. અને શક્તિને વ્યર્થ નહિ ગુમાવવાથી સંચિત થયેલી અપુર્વ શક્તિનો તે આપણને સાક્ષાત્કાર કરાવે છે. આત્મકલ્યાણ પણ સાધી શકે છે. તે હંમેશાં દૃઢ અને એકલક્ષી હોવાથી તેને બનાવટી ઉત્તેજક પદાર્થોથી શક્તિ મેળવવાની અપેક્ષા રહેતી નથી.

ભયભીત થઇ હદ ઉપરાંત કાર્ય કરનાર મનુષ્ય રમણીય ઉત્સાહભર્યાં સવારે પણ થાકેલ દેખાય છે, દિવસમાં ઘણોખરો વખત નિરૂત્સાહી અને અવ્યવસ્થિત માલુમ પડે છે, અને છેવટ બનાવટી દૃઢતા અને શક્તિ માટે હલકા પ્રકારનાં ઉત્તેજકો યા ધૂમ્રપાનના સેવનથી આખરે અકાળે મૃત્યુ પામે છે.

શક્તિનો નકામો ઉપયોગ કરનાર મનુષ્યનું મગજ, નિરૂત્સાહી અને અને નબળું થઇ જવાથી, ઘણી વખત ખરાબ વિચાર વમળમાં ગોથાં ખાય છે. અને તેથી તે પોતાના ધંધામાં ઘણી જ દુઃખદાઇ ભૂલો કરે છે. આખરે અત્યંત દુઃખી અવસ્થાથી તે નિષ્ઠુર બની જઇ ભયંકર ગુન્હાઓ કરવા લલચાય છે અને પરિણામે જીંદગીથી કંટાળી જઇ તે આપઘાત કરે છે. એથી ઉલટું જે મનુષ્યનું મગજ હંમેશાં નવી અને તાજી શક્તિથી પુષ્ટ અને ફળદ્રુપ હોય છે તે મનુષ્ય હંમેશાં ખંતી, નિર્ભય, દીર્ઘદર્શી, સહનશીલ અને શાંત પ્રકૃતિ વાળો હોય છે.

જો તમે તમારા ગત જીવન પર દૃષ્ટિપાત કરી શક્તિનો નકામો વ્યય ક્યાં થયો છે તે જોશો તો જણાશે કે તમે તમારી શક્તિ, નકામા ગામગપાટામાં, મિથ્યાડંબરમાં, બડબડાતમાં અને અન્યની ખોડો શોધવામાં ગુમાવી છે. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમૂલ્ય શક્તિના વ્યયથી તમે તમારૂં ધ્યેય શોધવાને બદલે, નિરૂત્સાહી, ચીડીયા અને સ્વાર્થાંધ થઈ ગયા છો. તમે તમારી પવિત્ર ફરજ બજાવવાને બદલે તમારી શક્તિનો વ્યય તમારા નીચ સ્વભાવને દઢ કરવામાં કરો છો. અને કોઇ કોઈ વારતો તમે તમારા ધંધામાં મસ્ત આખલાની માફક, ઉતાવળતાથી માનસિક અને શારીરિક અવયવોને એવાતો કામે લગાડો છો કે થોડીજ વારમાં તમારી શક્તિનો નાશ થઈ જાય છે. વિચાર કરો કે નકામી ટીકાઓથી, બડબડાટથી, મ્હેણાથી, અન્યના દોષો જોવાથી અને બીજાને મુશ્કેલીમાં નાંખવાથી તમને કંઈ લાભ થાય છે ? ના. તમે માત્ર તમારી દૈવી શક્તિ, આત્મસંયમ અને સ્વમાન ગુમાવો છો.

સ્ત્રીજાતિ પણ ફુરસદના વખતે ચાડીચુગલી પરનિંદા અને કલેશમાં પોતાની અમૂલ્ય શક્તિનો એટલો તો વ્યય કરી નાંખે છે કે, તેઓને શાંતિ મેળવવી મુશ્કેલ થઇ પડે છે. તેઓ શક્તિને નકામી જતાં અટકાવવાનો ઉપાય જાણતાં નથી, નવી શકિત ઉત્પન્ન કરવાની દરકાર કરતાં નથી અને તેથી કરીને તેઓ સહજ વાતમાં પણ ખીજાય છે. અને અલ્પ કાર્યના બોજાથી જીવલેણ માંદગીનો ભોગ થઇ પડે છે.

સખત કામને બદલે નકામી ચિંતાઓ અને કલેશથી યુવાવસ્થામાં પણ ઘરડી ડોસી જેવી દેખાતી આવી સ્ત્રીઓનાં ફિક્કા ચ્હેરા અને અકાળ મૃત્યુ કેટલાં બધાં દયાજનક છે ?

શકિતનો વિનાશ કંઇ અનાચાર યા મોજશોખથી થાય છે એવું નથી, પણ બેદરકારી તથા અજ્ઞાનતાથી પણ થાય છે. નિયમાનુસાર બંધારણપૂર્વક કામ નહિ કરવાથી અને પુખ્ત વિચાર કરી કાર્ય પાર પાડવાને સીધો અને સરલ માર્ગ ગ્રહણ નહિ કરવાથી ઘણી શકિત નકામી જાય છે. આપણામાંના ઘણાખરા કાર્ય શરૂ કરતાં પહેલાં તેના પરિણામ માટે વારંવાર વિચાર કરીને નકામી ચિંતા અને વ્યાધીમાં શકિતનો એટલો બધો વ્યય કરી નાંખે છે કે તેઓનામાં કાર્ય શરૂ કરવાનું પણ સામર્થ્ય રહેતું નથી.

કેટલાક તો શક્તિનો એકજ વખત વ્યય અનેક કાર્યો કરવામાં કરી જીંદગીને નિરર્થક કરે છે. જે શક્તિથી એકજ વખતે એકજ કાર્ય ઉત્તમ થાય છે, તેજ શક્તિ જુદા જુદા કાર્યોમાં એકી સાથે પરોવવાથી વ્યર્થ જાય છે. જો આપણે એક લક્ષથી એક કાર્ય પાછળ મંડી પડીએ, તો બીજી દરેક કાર્યોમાં રોકાયેલ શક્તિ તે કાર્યને ઉત્તમ બનાવવામાં વપરાય છે. મન એ એક માર્ગદર્શક શક્તિનાં પ્રકાશનું કિરણ છે. એક વખતે જે વસ્તુ પર આપણું લક્ષબિંદુ દોરાય તે વસ્તુ ઉપરજ આ પ્રકાશનું કિરણ પડે છે. અને તેને ઉજ્જવળ બનાવે છે. જ્યારે બીજી દરેક વસ્તુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાઢ અંધકારમાં પડી રહે છે. આ કિરણો બધી વસ્તુઓને એકી સાથે પ્રકાશિત કરી શકતું નથી. આજ રીતે આપણે શક્તિનો એકી સાથે એક કરતાં વધારે વસ્તુઓને ઉત્તમ બનાવવાને રોકી શકીએ નહિ.

જે મનુષ્યો પુખ્ત નિર્ણય અને મહાન સામર્થ્યથી કાર્ય સાધવાની તૈયારીઓ કરે છે છતા તેમનો ઉપયોગ કદી પણ કાર્ય સાધવામાં નહિ કરતાં હવાઇ કિલ્લાઓ બાંધવામાં કરે છે, તેઓ મિથ્યા સ્વપ્ન અને મહદ્ ઇચ્છાઓ રચવામાં કેટલી શક્તિનો વ્યય કરે છે તેનું તેમને ભાન હોતું નથી. આવા મનુષ્યો સ્વપ્નાવસ્થામાંજ રહે છે અને મોટી મોટી કલ્પનામાંજ વિહાર કરે છે, પરંતુ તેઓ કલ્પનામાં શક્તિ ગુમાવવા કરતાં તેને કંઇ કાર્ય સાધવામાં રોકે તો કેટલું શ્રેયસ્કર થાય?

શક્તિ વિઘાતક દરેક ચીજોથી દૂર રહો! કમભાગ્યે જો તમે અવળે રસ્તે ચઢી ગયા હો તો બનતી ઝડપે પાછા ફરો? ભૂલ્યા ત્યાંથી ફરી ગણી જ્યાં સુધી તમારામાં શક્તિનો ધોધ વહે છે ત્યાં સુધી તમારી ભૂલો સુધારો! સંપૂર્ણ કોશીષ કરી એક કાર્યમાં સફળતા મેળવ્યા પછીજ વિરમો! નિર્જીવ અને નામુલી વસ્તુ માટે શક્તિનો વ્યય ન કરો? જે વસ્તુ ત્યાજ્ય હોય તેનું નામ પણ ન લ્યો. તમારા સ્વમાનનું ખંડન કરનાર વસ્તુ તરફ પણ નજર ન કરો! હંમેશાં કાર્ય શરૂ કરતાં પહેલાં તમારા અંતઃકરણને પૂછજો કે "આ કાર્યથી મારૂં આત્મકલ્યાણ અને આત્મશક્તિનો વિકાસ થશે કે? તે મારી આત્મિક સ્થિતિ સુધારી મને જનસેવામાં મદદરૂપ થઈ પડશે કે?" જો આ દુનિયામાં તમારે કંઇ નામ નિશાન મૂકી જવું હોય અને આવા સુધારાથી આગળ ધપતા જમાનાની રચનામાં કંઈ પણ તમારો હિસ્સો આપવો હોય તો તમારા શ્રેયમાં વિઘ્નકર્તા અને આત્મશક્તિનું નિકંદન કાઢનાર વસ્તુઓને સદાને માટે વર્જો!

પોતાના ધ્યેયને સાધ્ય કરતાં રસ્તામાં આવતાં કંટકોને ઉખેડી નાંખી આગળ વધવાની શક્તિ અને ધીરજના અભાવે ગોથાં ખાતાં હજારો યુવકો અને યુવતીઓ ઠેર ઠેર નજરે પડે છે. કામ શરૂ કરતાંની સાથેજ આળસ ખાઇ બગાસાં ખાતાં, ઝોકાં ખાતાં, નિરૂત્સાહી, એદી અને વેદી યુવકોને જોતાંજ આપણું હૃદય દયાથી આર્દ્ર થઇ જાય છે. તેઓએ મૂર્ખતા અને ખોટી પતરાજીમાં શક્તિનો વ્યર્થ વ્યય કરેલ હોવાથી પોતાનું કાર્ય સાધવાને તેઓ શક્તિવાન થતાંજ નથી.

વિચારશીલ થઇ પ્રમાણીકપણે શોધી કાઢો કે તમારી શક્તિ ક્યાં છે? શું ઉપયોગ તમારા હિતાર્થે થાય છે? તેનો ગેરોપયોગ તો નથી થતો ને? અન્ય મનુષ્યને માટે તમે કાળજી રાખતા હશો, પરંતુ તમારી તરફ તમે બેદરકાર રહો છો. તમે અજ્ઞાનતાથી યા બેદરકારીથી તમારી જીવનશક્તિનો વ્યય કરો છો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુનિઆમાં શક્તિ વિકાસને માટે ઉત્તમ સાધન આત્મવિશ્વાસ છે. જે વિશ્વાસ, માથે લીધેલાં કાર્યો પૂરાં પાડવાનું, જીંદગીના કૂટ પ્રશ્નોને ત્વરાથી નિકાલ લાવવાનું, દરેક ઉત્તમ તકનો લાભ લેવાનું, તેમજ ગમે તેટલા મોટા સંકટ સમયે ધૈર્ય ધારણ કરી તેમાંથી મુક્ત થવાનું જોમ અર્પે છે. હરકોઇ મનુષ્ય આવો આત્મવિશ્વાસ મેળવવા ભાગ્યશાળી થશે તો સેંકડે એક ટકો તો શું પણ સોએ સો ટકા કાર્ય કરવાને શક્તિવાન થશે. અસ્તુ.

# જૈન ઐતિહાસિક સાહિત્ય.

( ગતાંક પૃષ્ઠ ૧૭૮ થી શરૂ )

અર્બુદાદેવીથી શુમારે એક માઇલ ઉત્તર પૂર્વમાં દેલવાડા નામનું ગામ છે. જે દેવાલયોથી પ્રસિદ્ધ છે. જ્યાં શ્રી આદિનાથ તથા શ્રીનેમિનાથજીના મંદિરો કારીગીરીની ઉત્તમતાને લીધે જગપ્રસિદ્ધ છે. આ બંને મંદિરો સંગેમરમરના બનાવેલા છે. શ્રી આદિનાથજીના મંદિરનું વર્ણન ( વિમલવસહીનું ) આવી ગયેલ છે જેથી આ શ્રીનેમિનાથ ભગવાનનું (લુણગવસહી) નું મંદિર જેને લોકો વસ્તુપાળ તેજપાળનું મંદિર કહે છે. આ મંદિર પ્રસિદ્ધ મંત્રી વસ્તુપાળના નાના ભાઇ તેજપાળે પોતાના પુત્ર લૂણસિંહ તથા પોતાની સ્ત્રી અનુપમ દેવીના કલ્યાણ નિમિત્તે કરોડો રૂપીયા ખરચીને બંધાવેલ છે, “ ભારતીય શિલ્પ સંબંધી વિષયમાં ફરગ્યુસન સાહેબ પોતાની પીકચર ઇલસ્ટ્રેસન્સ ઓફ એનશ્યન્ટ આર્કિટેકવર ઇન ઇંડીયામાં જણાવે છે કે, આ મંદિર સંગેમરમરનું છે અને બારીકમાં બારીક મનોહર આકૃતિયો એવી એવી બનાવવામાં આવી છે તેની કાગળ ઉપર નકલ લેવાને કેટલો પરિશ્રમ કરવા છતાં શક્તિમાન થવાતું નથી. કર્નલટોડ સાહેબ ગુંબજના સંબંધમાં જણાવે છે તેની કારીગીરીનું ચિત્ર તૈયાર કરતાં લેખિની થાકી જાય છે. રાસમાળાના કર્તા મી. ફાર્બસ સાહેબ જણાવે છે કે આ મંદિરમાં નિર્જીવ પદાર્થોના ચિત્ર બનાવેલ છે એટલુંજ નહીં પરંતુ સાંસારિક જીવનના દૃશ્ય, વ્યાપાર અને નૌકાશાસ્ત્ર સંબંધી વિષયના અને રણક્ષેત્રના ચિત્રો પણ અહીં દેખાય છે. આ મંદિરની છતમાં જૈનધર્મની અનેક કથાઓના ચિત્ર પણ ખોદેલા છે. ”

આ મુખ્ય મંદિરની આગળ ગુંબજદાર સભામંડપ અને આસપાસ નાના નાના જિનાલય તથા પાછળ હસ્તીશાળા છે. ત્યાં આ બે મોટા શિલાલેખો છે. જેમાં એક ધોલકાના રાણા વીરધવળના પુરોહિત તથા “ કીર્તિકૌમુદી, સુરથોત્સવ ”

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદિ કાવ્યોના કર્તા કવિ સોમેશ્વરનો રચેલો છે. જેમાં વસ્તુપાળ તેજપાળના વંશનું વર્ણન, અર્ણોરાજ શ્રી વીરધવળ સુધી રાજાઓની નામાવલી આબુ તથા પરમાર રાજાઓનું વૃત્તાંત આ મંદિરની પ્રશંસા અને હસ્તીશાળાનું વર્ણન વગેરે છે. આ ૭૪ શ્લોકનું સુંદર કાવ્ય છે.

બીજા શીલાલેખમાં ઘણો ભાગ ગદ્યમાં લખેલો છે. જેમાં આ મંદિરના વાર્ષિક ઓચ્છવ વગેરેની જે વ્યવસ્થા કરવામાં આવી છે તેનું વર્ણન છે. જેમાં આબુ ઉપર તથા તેની નીચેના અનેક ગામોના નામો લખેલા છે. અને ત્યાંના મહાજનોએ નક્કી કરેલા દિવસોએ ત્યાં ઉત્સવ કરવા સ્વીકાર કર્યો તે તથા તે વખતના સીરોહી રાજ્યની ઉન્નત દશાનો કેટલોક પરિચય કરાવવામાં આવ્યો છે. આ લુણવસહીના મંદિરમાં કુલ ૬૮ લેખો છે. જેમાં ૩૨ લેખો એપીગ્રાફીઆ ઇન્ડીકાના ૮ મા ભાગમાં પ્રગટ થયેલા છે. બે મોટી પ્રશસ્તિ કીર્તિકૌમુદીના પરિશિષ્ટમાં તથા ભાવનગર રાજ્ય પુરાણી વસ્તુ શોધખોળ ખાતા તરફથી પ્રકટ થયેલ છે. બાકીના લેખો નહિં પ્રકટ થયેલા તે આ સભા તરફથી પ્રકટ થયેલ પ્રાચીન જૈન લેખ સંગ્રહમાં પ્રસિદ્ધ થયેલ છે. આ મંદિરમાં વસ્તુપાળ અને તેજપાળ અને તેના પુત્રો થઇ * દશ પુરૂષોની હાથિણી ઉપર આરૂઢ એવી દશ મૂર્તિઓ છે, કે જે મંદિરમાં દશ દિક્પાળની જેમ શોભે છે. હાલ તેના ઉપર એક પણ મૂર્તિ નથી. આ દશ મૂર્તિઓની પાછળ ગોખલામાં તે દશ પુરૂષોની સ્ત્રીઓની મૂર્તિઓ બનાવી સ્થાપન કરવામાં આવી છે.

આ ચંડપવંશના ધર્માચાર્યોની જે નામાવલી ઉપર જણાવેલા પ્રથમ શિલાલેખમાં આપવામાં આવેલ છે, તે ધર્માચાર્યો નાગેન્દ્ર ગચ્છના હતા તેમાં પૂર્વે શ્રી મહેન્દ્રસૂરિ થયા તેમના શિષ્ય શ્રી શાંતિસૂરી, તેમના પટ્ટધર શ્રી આનંદસૂરિ અને તેમના શ્રી અમરસૂરિ, તેમની પાટે શ્રી હરિભદ્રસૂરિ, તેમના શિષ્ય શ્રી વિજયસેન સૂરિ થયા કે જેમણે આ મંદિરની પ્રતિષ્ઠા કરી. દરેક કાળમાં અને આવા તીર્થોની વ્યવસ્થા અને રક્ષણ કરવા માટે જેમ ધર્મી પુરૂષો નિમવામાં આવે છે તેમ તે વખતે આ મંદિરનું રક્ષણ કરવા શ્રી મલ્લદેવ, શ્રી વસ્તુપાળ, તેજપાળ આદિ ત્રણ ભાઈઓની સંતાન પરંપરા, શ્રી લુણસિંહના મોશાળપક્ષમાં ચંદ્રાવતી નિવાસી શ્રી પ્રાગ્વદેવના પુત્ર, શ્રી શાલિગના પુત્ર, શ્રી સાગરના પુત્ર, શ્રી ગાગાના પુત્ર, ધરણિગ તેના ભાઈ શ્રી રાણિગશ્રીલીલા, શ્રી ધરણીગની ભાર્યા, અનુપમાદેવીના ભાઇશ્રી ખીમસિંહ, શ્રી આંબસિંહ, શ્રી ઉદલ, શ્રી લીલાના પુત્ર લુણસિંહ તથા ભાઇ જગસિંહ અને રત્નસિંહના સમસ્ત કુટુંબે તથા એમની જે સંતાન પરંપરા થાય તેમણે આ ધર્મસ્થાનમાં દેવ પૂજાદિ સર્વ કાર્યો કરવા અને નિભાવવા. શ્રી ચંદ્રાવતીના બીજા પણ સમસ્ત મહાજન અને પૂજક આદિ શ્રાવકસમુદાયે પણ તેમ કરવું.

* ૧ ચંડપ, ૨ ચંદ્રપ્રસાદ, ૩ સોમ, ૪ અપરાજ, ૫ લુણિગ. ૬ મલ્લદેવ, ૭ વસ્તુપાળ, ૮ તેજપાળ, એ તેના ચાર પુત્રો તથા ૯ જૈત્રસિંહ, અને ૧૦ લાવણ્યસિંહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પિતાનો વારસો ( મિલ્કત ) જેમ પુત્ર લે છે તેમ આ મંદિરના રક્ષણ માટે પુત્રોના નામો પણ આપી તે ધર્મ વારસો સોંપેલો છે. આ મંદિરની પ્રતિષ્ઠા સં. ૧૨૮૭ ના ફાલ્ગુન વદી ૩ ને રવિવારના રોજ થયેલી છે. ત્યાંના બીજા જુદા જુદા આઠ ગામોના શ્રાવકોને પ્રતિષ્ઠાની વર્ષગાંઠ ઉપર અઠ્ઠાઇ મહોત્સવ કરવા માટે જુદા જુદા દિવસો સોંપેલા છે. અને દેલવાડા ગામના નિવાસી સમસ્ત શ્રાવકોએ શ્રી નેમિનાથ પ્રભુના પાંચ કલ્યાણક પ્રતિવર્ષે ઉજવવા સ્વીકાર્યું છે. આવી રીતે આ તીર્થની વર્ષગાંઠ વિગેરે માટે બંદોબસ્ત કરેલો હતો. આપણું શાશ્વતું તીર્થ પરમ પવિત્ર શ્રી શત્રુંજય કે જે સર્વોત્કૃષ્ટ છે, ત્યાં તો ખાસ પ્રતિવર્ષો વર્ષગાંઠ ઉપર અઠ્ઠાઇ મહોત્સવ અને શ્રીઆદિનાથ પ્રભુના પંચ કલ્યાણક મહોત્સવો થવોજ જોઇએ. અત્યારસુધી તેવો પ્રબંધ નથી તે ખેદયુક્ત છે.. જેથી ભારતવાસી શ્રીમાન્ જૈન બંધુઓ તે કાર્ય ભક્તિભાવથી ઉપાડી લેશે. જાતે ત્યાં આવી ઉજવશે એવી નમ્ર સુચના કરવી આ સ્થાને યોગ્ય લાગે છે.

ચંદ્રાવતી નગરી આબુરોડ સ્ટેશનથી લગભગ ચાર માઇલ દક્ષિણે દૂર દૂર આવેલી હતી, જેના ખંડેરો અત્યારે નજરે પડે છે. આ સ્થળે અનેક ભગ્ન મંદિરોના ચિન્હો ઠેકાણે ઠેકાણે માલુમ પડે છે. સાંભળવામાં આવે છે કે રજપુતાના માળવા રેલ્વે થયા પહેલાં તો આ ઠેકાણે અનેક આરસના મંદિરો વિદ્યમાન હતા, પરંતુ તે રેલ્વેના કંટ્રાકટરોએ અહિંના પથરો લઇ જવા માટે કંટ્રાકટ લીધો, ત્યારે તેમણે તે ઉભા રહેલા મંદિરોને તોડી પાડી તેના પથ્થરો લઇ ગયા. આ વાતની જ્યારે રાજ્યને ખબર પડી ત્યારે તેમને અટકાવ્યા. જેથી તેમના ભેગા કરેલા પથ્થરોના ઢગલાઓ હજુ સુધી ચંદ્રાવતી અને માવલ ગામની વચમાં જોનારને ઠેકાણે ઠેકાણે માલમ પડે છે. આ મંદિર ઉપર કરોડો રૂપીયાનો ખર્ચ થયેલો હશે, જેમાં આવેલ બે દેરાણી જેઠાણીના નમુનેદાર ગોખલા કે જે બનાવવા માટે ૧૮ લાખ રૂપીયા ખર્ચ થયેલા; તો આ મંદિર ઉપર કરોડો રૂપીયા થાય તે સંભવિત છે. વિવિધ તીર્થકલ્પ નામના પુસ્તક ( સં. ૧૩૪૯ ) માં જણાવેલ છે કે, મુસલમાનોએ આ મંદિર તોડી નાખ્યું હતું, તેનો પુનરુદ્ધાર વિ. સં. ૧૩૭૮માં ચંડસિંહના પુત્ર સંઘપતિ પેથડે કરાવ્યો હતો. આ બાબતનો એક લેખ પણ આ મંદિરનાં રંગમંડપમાં એક સ્તંભ ઉપર કોતરેલો છે. ચોકસ નહીં પરંતુ અનુમાન પ્રમાણે અલાઉદ્દીન ખીલજીની ફોજે જાલોરના ચૌહાન રાજા કાન્હડદેવ ઉપર વિ. સં. ૧૩૬૬ ની આસપાસ ચડાઇ કરી ત્યારે આ મંદિર તોડેલું હોવું જોઇએ. આ અનુપમ સુંદર કારીગીરીવાળા અપૂર્વ મંદિરનો કોઇ ભાગ જીર્ણ થયો હોય કે નકશીની ખરજર થઇ હોય તો તેને બંધબેસ્તુ કામ કરનાર શિલ્પી કોઇ હિંદુસ્તાનમાં નથી, તે કાળે એટલે સાતશે વર્ષ ઉપર આ ભારતવર્ષમાં અહિંના વતનીઓજ કેવા કુશળ કારીગરો અને શિલ્પી હતા તે આ ઉપરથી જણાય છે. દેશના કમભાગ્યે હાલ તેવા કારીગરો નથી. દ્રવ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ આ દેશમાં તેટલું નથી. લક્ષ્મીનું અભિમાન કરનાર, ધર્મથી વિમુખ મનુષ્ય તે કાળની સ્થિતિ, લક્ષ્મી, વૈભવ, ઉદારતા ધર્મશ્રદ્ધાનો વાંચી વિચાર કરે તો તેનો ગર્વ ગળી જાય તેવું છે—આ મંદિરની થોડે અંતર પર ભીમાશાહનું બનાવેલ મંદિર છે. જેમાં ૧૦૮ મણ પીતળ ( સર્વ ધાતુ ) ની બનાવેલી આદિનાથ પ્રભુની પ્રતિમાજી છે જે વિ. સં. ૧૫૨૫ ફાલ્ગુન શુદ ૭ ગુજરાતના શ્રીમાલ જ્ઞાતિના મંત્રીમંડનના પુત્ર મંત્રીસુંદર તથા ગદાએ સ્થાપિત કરેલી છે.

આ મંદિર સિવાય દેલવાડામાં શ્વેતાંબર જૈનોના બે મંદિર બીજા છે. એક ચોમુખજીનું અને બીજું શંતિનાથજીનું મંદિર. એક દિગંબર જૈન મંદિર છે. આ દેલવાડાથી પાંચ માઈલ લગભગ અચલગઢ નામનું સ્થળ આવે છે તેનું વર્ણન હવે પછી આવશે ( ચાલુ )

# શ્રી જયવંતસૂરિ.

( લે૦ મોહનલાલ દલીચંદ દેશાઇ, બી. એ. એલ. એલ. બી. મુંબઇ. )

[ ગત માઘ માસના અંકમાંના આ વિષયપરના લેખનો વધારો. ]

આ મથાળાનો લેખ ગત માઘ માસના આત્માનંદ પ્રકાશના અંકમાં પૃ. ૧૫૯ પર પ્રકટ થયો છે તેમાં મેં જણાવ્યું છે કે જયવંતસૂરિ વડ તપગચ્છના હતા અને તેમના ગુરૂ વિનયમંડન હતા. આ વિનયમંડન કોણ હતા તેનો પત્તો હમણાં હું કવિ સમયસુંદર પર ભાવનગરની સાહિત્ય પરિષદ્ માટે નિબંધ લખવા પ્રવૃત્ત થયેલો તે દરમ્યાન અનેક પુસ્તકો તપાસતાં સાક્ષર મુનિ મહારાજ શ્રીજિનવિજયજીના શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધની પ્રસ્તાવનામાંથી આબાદ મળી આવ્યો છે, તેમાંથી ટુંક પરિચય તે લેખના અનુસંધાનમાં કરાવવો યોગ્ય થઇ પડશે. વધુ વિસ્તાર માટે તે પ્રસ્તાવના જોઇ જવા જિજ્ઞાસુને વિનંતિ છે.

વડ તપાગચ્છના સ્થાપક વિજયચંદ્રસૂરિ થયા કે જેણે તપગચ્છીય ( નવીન કર્મ ગ્રંથાદિના કર્ત્તા ) દેવેન્દ્રસૂરિ પાસે દીક્ષા, ને ત્યારપછી સૂરિપદ લઇ તેમનાજ સમયમાં જૂદી પ્રરૂપણા કરી અને પોતે ખંભાતમાં વડી પોશાળમાં રહ્યા, તેથી તેનો ગચ્છ વૃદ્ધ પૌશાલિક તપગચ્છ અને ટુંકમાં વડો તપગચ્છ લખાયો. ( આ સંવત ૧૩૦૦ ની પછીના ૨૫ વર્ષમાં બન્યું ) ત્યારપછી આ વડતપગચ્છમાં રત્નાકર સૂરિ થયા કે જે પ્રસિદ્ધ રત્નાકર પચીશીના કર્ત્તા ગણાય છે, અને જેમણે સં. ૧૩૭૧ માં શત્રુંજય પર સમરશાહે કરાવેલી ઋષભદેવની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. આ સૂરિનો ગચ્છ રત્નાકર ગચ્છ કહેવાયો. આ ગચ્છની ભૃગુકચ્છીય ( ભરૂચી ) શાખામાં અનેક આચાર્ય થયા તેમાં વિજયરત્નસૂરિ નામના એક પ્રતિષ્ઠિત આચાર્ય થયા તેના ધર્મરત્નસૂરિ નામના શિષ્ય થયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મરત્નસૂરિએ સંઘપતિ ધનરાજના સંઘમાં આબુ વગેરે તીર્થોની જાત્રા કરી. તે સંઘ સાથે મેદપાટ ( મેવાડ ) માં જઇ ચિત્રકૂટ ( ચિતોડ ) પર્વત ગયા, ત્યાં તે વખતના મહાન્ સંગ ( સંગ્રામસિંહ ) રાણા ( રાજ્ય સં. ૧૫૬૫ થી ૧૫૮૬) એ મહા ઉત્સવથી પુર પ્રવેશ કરાવ્યો. તે નગરમાં તે વખતે પ્રખ્યાત કર્માશાના બાપ તોલાશાહ રહેતા હતા, તે સૂરિજીની ભક્તિ કરવા લાગ્યા. રાજસભામાં પુરૂષોત્તમ નામના બ્રાહ્મણને સૂરિએ પરાજિત કર્યો. તોલાશાહે શત્રુંજયપર થયેલ પ્રથમ વસ્તુપાલે ( સં. ૧૨૯૮ ) કરાવેલી પ્રતિમા અને ત્યારપછી સંગ્રામસિંહ સોનીએ સં. ૧૩૭૧ માં ઉપરોક્ત રત્નાકરસૂરિજી પાસે પ્રતિષ્ઠિત કરાવેલી પ્રતિમા પર મુસલમાનોએ આક્રમણ કરેલ હોવાથી તેનો ઉદ્ધાર કરવાની ઇચ્છા કરતાં ધનરત્નસૂરિએ જણાવ્યું હતું કે તે મનોરથ તેના પાંચ પુત્રોમાંથી સૌથી નાનો કર્માશા પૂર્ણ કરશે. અને તેની પ્રતિષ્ઠા પોતાનો શિષ્ય કરશે. પોતે ત્યાં વિનયમંડન પાઠકને રાખી સંઘ સાથે ચાલી નીકળ્યા. તે પાઠક પાસે કર્માશાએ ધાર્મિક અભ્યાસ કર્યો. આ ધનરત્નસૂરિના બે પ્રધાન શિષ્યો હતા વિદ્યામંડન ( કે જેને સૂરિએ આચાર્ય સ્થાપ્યા ) અને બીજા ઉપરોક્ત વિનયમંડન ઉપાધ્યાય પાઠક.

વિદ્યામંડનસૂરિ—ગુજરાતના બાદશાહ બહાદુરશાહ જ્યારે પોતાનો મોટો ભાઇ સીકંદર ગાદીપર હતો ત્યારે તે રીસાઇ ચિતોડ ગયો, તે વખતે કર્માશાએ એક લાખ રૂપીયાની મદદ કરી. પછી જ્યારે બહાદુરશાહ બાદશાહ થયો ત્યારે કર્માશાને બોલાવી તેણે બહુ માન આપ્યું. કર્માશાએ ફરમાન લઇ શત્રુંજય પર ઋષભ તથા પુંડરીકની મૂર્તિની સં. ૧૫૮૭ વૈશાક વદિ ૬ રવિવારને દિને પ્રતિષ્ઠા કરી. અને તે આ વિદ્યામંડનસૂરિને હસ્તેજ કરવામાં આવી. આ પ્રતિષ્ઠાની પ્રશસ્તિ વિનયમંડન ઉપાધ્યાયના શિષ્ય વિવેકધીરે વિસ્તારથી સુંદર સંસ્કૃત કાવ્યમાં રચી છે. આ વિદ્યામંડસૂરિ પોતાના નામના—કીર્તિના લોભી—ભૂખ્યા નહિંજ હતા. આવી મહાન્ પ્રતિષ્ઠા પોતે કરી છતાં પોતે પોતાનું નામ તેમાં કોતરાવ્યું નથી. કવિ વિવેકધીરે જણાવ્યું છે કેઃ—

नालीलिखंश्च कुत्रापि हि नामं निजं गमीरहृदयास्ते ।
प्रायः स्वोपज्ञेषु च स्तवेषु तैर्नाम न न्यस्तम् ॥ १३३ ॥

પોતે એટલા ગંભીર હૃદયના હતા કે ગમે ત્યાં પણ પોતાનું નામ લખ્યું-લખાવ્યું નથી, તે ત્યાંસુધી કે પોતાનાં રચેલાં સ્તવનોમાં પણ પોતાનું નામ પ્રાયઃ તેમણે નાંખ્યું નથી.

આ સૂરિને શિષ્યો નામે જયમંડન, વિવેકમંડન, રત્નસાગર, સૌભાગ્યરત્ન ( પછી થયેલા સૂરિ ) સૌભાગ્યમંડન હતા, કે જે બધા ઉક્ત ઉત્સવ પ્રસંગે હાજર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતા આ પૈકી વિવેકમંડને ચિતોડમાં પાર્શ્વનાથ અને સુપાર્શ્વનાથના કર્માશાએ મંદિર બંધાવેલ તેમાં પ્રતિષ્ઠા કરી હતી.

વિનયમંડન પાઠક ઉપાધ્યાયે ઉપરોક્ત શત્રુંજયના ઉત્સવમાં સારો ભાગ લીધો હતો. 'તેમને સર્વાવસર સાવધાનતા અને સર્વ કાર્યકુશળતા જોઈને પ્રતિષ્ઠા વિધિનાં સર્વ કાર્યોનો મુખ્ય અધિકાર સર્વ આચાર્ય અને પ્રમુખ શ્રાવકોએ મળીને આપ્યો હતો. આ ઉપાધ્યાયના શિષ્ય ઉપરોક્ત વિવેકધીર ગણિ અને આપણા જયવંત પંડિત (સૂરી) વિવેકધીર ગણિએ ઉપરોક્ત પ્રશસ્તિ રચી, તે ઉપરાંત તેજ સમયમાં લાવણ્ય સમય ( પ્રખ્યાત વિમલ પ્રબંધના કર્તા ) એ આ કર્માશાના ઉદ્ધારની નાની પ્રશસ્તિ સંસ્કૃતમાં રચેલી. તે પોતાના હસ્તથી લખી છે. સં. ૧૫૮૭. આ પ્રશસ્તિ હાલ શત્રુંજય પર કોતરેલી વિદ્યમાન છે. વિવેકધીર ગણિ શિલ્પશાસ્ત્રમાં અપ્રતિમ નિપુણ હતા અને તેણે ઉક્ત તીર્થોદ્ધારના કાર્યમાં સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિ વાપરેલી છે, અને શિલ્પીઓએ જે નિર્માણ કામ કર્યું તે પર પૂરી દેખરેખ રાખી છે. આનું સુફલ હાલ જૈન પ્રજા ભોગવે છે. વિશેષમાં જયવંત તે વિવેકધીર ગણિના ગુરૂભાઈ. તે જયવંત પંડિતે સં. ૧૬૧૪માં ગુજરાતી કવિતામાં 'શૃંગાર મંજરી' નામનો એક ગ્રંથ બનાવ્યો છે. કે જેની રચના ઘણી સરસ અને સુંદર છે. આમાં શીલવતીનું ચરિત્ર વર્ણવેલું છે.

ઉપર જણાવેલ સર્વેનું વંશવૃક્ષ નીચે પ્રમાણે છે.

વિજયરત્નસૂરિ
- ધર્મરત્નસૂરિ
  - વિદ્યામંડનસૂરિ
    - ૧ જયમંડન
    - ૨ વિવેકમંડન
    - ૩ રત્નસાગર
    - ૪ સૌભાગ્ય રત્નસૂરિ
    - ૫ સૌભાગ્યમંડન
  - વિનયમંડન ઉપાધ્યાય
    - વિવેકધીર ગણિ
      - ક્ષમાધીર
    - જયવંત પંડિત

પૂજ્ય મુનિ મહારાજશ્રી સાક્ષર શ્રી જિનવિજયજીએ શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધની પ્રસ્તાવનામાં ૬૯ મે પાને જે વંશવૃક્ષ આપ્યું છે તેમાં વિનયમંડન ઉપાધ્યાયનું નામ જરાક ભૂલથી રહી ગયું છે તેથી તે ઉપર પ્રમાણે સુધારી લેવું.

આ રીતે જયવંતસૂરિની ગચ્છ પરંપરા આપણને સારી રીતે મળી ગઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌ની શહેર ભાવ-નગરમાં થયેલી સાતમી બેઠક અને જૈન વિભાગ.

ચૈત્ર શુ ૧૪-૧૫-વદી ૧ તા. ૧૮-૧૯-૨૦ એપ્રીલના ત્રણ દિવસોમાં ભાવ નગરમાં સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્ મળી હતી ઇતિહાસ, વિજ્ઞાન, અને જૈન વિભાગ દર પરિષદ્‌ની જેમ આ વખતે જુદો રાખવામાં આવ્યો હતો. જૈન વિદ્વાન મુનિરાજો તથા ગૃહસ્થોના મળી કુલ ૨૩ લેખો ( નિબંધો ) આ પરિષદ્ માટે આવેલા હતા. જેમાં નીચે મુજબના લેખકોના લેખો હતા. જેમાંના દશ લેખો *આવા ચિન્હોવાળા પરિષદ સમક્ષ વંચાયા છે. બાકીના નહીં વંચાયેલને સાંભળવા પ્રમાણે રિપૉર્ટમાં સ્થાન મળવા સંભવ છે. * પંડિત ફતેહચંદ કપૂરચંદ લાલનનું જૈન વિભાગના પ્રમુખ તરીકે ભાષણ વંચાયેલ હતું.

૧ પંડિતજી સુખલાલજી. જૈન ન્યાયનો ક્રમિક વિકાસ.

૨*શા કુંવરજી આણંદજી. કર્મ સંબંધી જૈન સાહિત્ય.

૩*પંડિત લાલચંદ ભગવાનદાસ પ્રાચીન ગુજરાતી જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ.

૪*રા. રા. મણિલાલ મોહનલાલ પાદરાકર. પાદરા.
શ્રીમાન્ દેવચંદ્રજી અને તેમનું ગુજરાતી સાહિત્ય.

૫*ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ. ભાવનગર.
જૈન રાસાઓમાં ગુજરાતી ભાષાનું પ્રથમ સ્થાન.

૬ શાહ ફત્તેહચંદ ઝવેરચંદ. ભાવનગર.
જૈન દર્શન તુલનાત્મક દૃષ્ટિએ.

૭*માસ્તર માવજી દામજી. મુંબઇ.
ગુજરાતી જૈન સાહિત્ય ને તેનો ઇતિહાસ.

૮ શાહ ફુલચંદ હરીચંદ. આગ્રા.
પાશ્ચાત્ય વિદ્વાનો ને જૈન સાહિત્ય.

૯*રા. રા. જગજીવન કાળીદાસ. પાઠક. પોરબંદર
જૈન દર્શનનો અન્ય દર્શન સાથે મુકાબલો.

૧૦-૧૨ રા. રા. ગોકળદાસ નાનજીભાઇ. ગાંધી. રાજકોટ.
૧૦*જૈનધર્મનું રહસ્ય.
૧૧ જૈન સૂત્રોનું દિગ્દર્શન
૧૨ ગુજરાતી ભાષા અને જૈનો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩*રા. રા. મોહનલાલ દલીચંદ. દેશાઇ. મુંબઇ.
કવિવર સમયસુંદર.

૧૪*રા. રા. શીવજીભાઇ દેવશી મઢડા.
જૈન અને ગુજરાતી સાહિત્ય.

૧૫ થી ૨૦ મુનિરાજશ્રી ન્યાયવિજયજીના લેખો. ૬
જૈન આચાર્યો, જૈન કવિઓ, જૈન દાનવીરો.
જૈન રાજાઓ. જૈન મંત્રીઓ. જૈન ભૂગોળની હિંદુ ભૂગોળ સાથે સરખામણી

૨૧ મુનિરાજશ્રી દર્શનવિજયજી. જૈન મંત્રીઓ.

૨૨ મુનિરાજશ્રી જ્ઞાનવિજયજી. જૈન તીર્થોનો ઇતિહાસ.

આ પરિષદ્‌ની બેઠક ઘણાજ આનંદ પૂર્વક પૂર્ણ થઇ છે. આ રાજ્યે પણ સારો સત્કાર કર્યો છે. પરિષદ્‌માં મુખ્ય કાર્યોમાં ઑફિસની કાયમની સ્થાપનાનો વિચાર ભવિષ્ય માટે ઘણોજ યોગ્ય છે, તેમજ મરહુમ સવાઇલાલ છોટમલાલ વોરા જેઓ સંસ્કૃત ભાષા ઉપર ઘણો સારો કાબુ ધરાવતા હતા, તેમણે બનાવેલો (જીંદગી પૂર્ણ થવાથી અધુરો રહેલો) વિશ્વ કોષ તૈયાર છે. તેટલો પરિષદ્ તરફથી છપાવવા માટે રાજ્ય તરફથી રૂા. ત્રણ હજારની મદદ મળી છે. જે આવા ઉપયોગી સાહિત્યને અંધારામાંથી બહાર લાવવા ઉત્તમ કાર્ય થયેલ છે. આ પરિષદ્ સમગ્ર ગુજરાતી સાહિત્યની હોવાથી દરેક ગુજરાતી બંધુ પછી તે જૈન, પારસી, મુસલમાન, વૈષ્ણવ વગેરે તમામ ધર્મ, કોમ પ્રજા વગેરેની કહી શકાય એ વાત નિશ્ચિત છે, છતાં જૈન વિભાગ જુદો, આગલી પરિષદોના વખતથી આવ્યો આવતો હતો, એટલે પરિષદ્‌ના મંડપમાં મળેલી મેદનીમાંથી અમુક સો પચાશની સંખ્યામાં વિદ્વાનો પ્રતિનિધીઓ, ત્યાંથી ચાલતે કામે ઉઠી બીજા ઓરડા કે ભાગમાં જઇ જૈનોના નિબંધો વાંચતા; જોકે ઇતિહાસ અને વિજ્ઞાન સાહિત્ય માટે પણ તેમ બનતું. જોકે અમારા વિચાર પ્રમાણે તે પણ ઠીક નહોતું, છતાં ચાલતી આવેલ પ્રણાલિકાની ખાતર એમ માનો કે ઇતિહાસ અને વિજ્ઞાન એ બે ખાસ વિષયોની વધારે પ્રગતિ થવા માટે પરિષદ્‌ના કાર્ય વાહકોએ તેમ કર્યું હોય તોપણ જૈન વિભાગને તેવી રીતે જુદો વિભાગ અને નિબંધોનું જુદું વાંચન રાખેલું એમ કેમ બન્યું ? તે અમો સમજી શકતા નથી. (કારણકે પારસી, મુસલમાન વગેરે કોમ કે તેના સાહિત્યને તેમ છુટું પાડેલ નથી) જૈન કોમના વિદ્વાનોએ આ પરિષદ્‌માં અત્યારસુધી જોઇએ તે રીતે ભાગ લીધો નહોતો, જેથી આ સવાલ વિચારવામાં હજુ સુધી આવેલ નહીં હોય ? તેમ આ પરિષદ્ સમગ્ર ગુજરાતી ભાષાના જાણકારોની છતાં, તેના મુખ્ય કાર્યવાહકો, શાક્ષરોને જૈન નામ કે તેના સાહિત્ય માટે કાંઇ દરકારજ જાણે ન હોય ? તેમ દેખાતું હોવાથીજ જૈન સાહિત્યના વિષયમાં આ પરિષદ્‌ની બેઠકોમાં પણ જૈનેતર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાક્ષરોના હાથે અમુક કારણોથી અત્યારસુધી બહુજ ગેરઇન્સાફ થયો એમ જણાયું છે, અને જૈન સાહિત્ય રસિકો અને તેના પૂજારીઓ જ્યાંસુધી આ બાબત યોગ્ય રીતે હાથમાં ન લે ત્યાંસુધી એ સ્થિતિમાં ફેરફાર થવાનો સંભવ પણ ઓછો છે.

આ પરિષદ્‌ની બેઠકમાં જૈન સાહિત્યના નિબંધો પરિષદ્ સમક્ષ વાંચવા માટે કરાયેલો પ્રયત્ન ( જે યોગ્ય હતો ) તે ફતેહમંદ નીવડયો હતો, પરંતુ જૈન સાક્ષરોના નિબંધોના વાંચન વખતે તે માટેજ શ્રોતાઓમાં જે મુંઝવણ જોવામાં આવતી હતી તેથી જૈન સાહિત્યને કેટલો ગેરઇન્સાફ મળ્યો છે તે તટસ્થ વૃત્તિવાળા શ્રોતાઓ સમજી શકે તેવું છે. તેટલુંજ નહીં પણ કેટલીક હવા તો એવી દેખાતી હતી અને કેટલાક શ્રોતાઓને તો અકળામણ એ થઇ પડી હતી કે જૈન સાહિત્યને સ્થાન મળે અથવા આ બેઠકમાં તે પર કાંઇ વિચારણા થાય તેથી પણ તેઓ નાખુશ થયા હોય એમ સ્પષ્ટ જણાતું હતું. જોકે જૈન સાહિત્યના નિબંધો વાંચનારાઓ જૈન બંધુ પૈકી કેટલાએકે પોતાનો નિબંધ વાંચવાને બદલે મોઢેથી કેટલીક હકીકતો શરૂઆતમાં વિષયાંતર કહેવા માંડી હતી તે તો ઠીકજ નહોતું. અને તેની જરૂરજ નહોતી એમ અમો પણ માનીએ છીયે, પરંતુ વંચાયેલા અને નહીં વંચાયેલા લેખોના જૈન મુનિરાજશ્રી અને જૈન વિદ્વાન બંધુઓએ ઘણો શ્રમ વેઠી તે નિબંધો લખ્યા હતા અને જૈન સાહિત્યને નહીં પરંતુ ગુજરાતી સાહિત્ય માટે તેમાં કેટલુંક અજવાળું પાડયું હતું, સાથે ગુજરાતના ઇતિહાસ સાહિત્ય માટે કેવો ઉપયોગી સંગ્રહ કરવામાં આવ્યો હતો. તે બધા નિબંધો આ પરિષદ્ સમક્ષ વંચાયા હોત તો શ્રોતાઓ અને જૈનેતર વિદ્વાનોની સમજમાં આવત, પરંતુ જ્યાં જૈન નામ અને જૈનના નિબંધો આવે ત્યાંજ જ્યાં અકળામણ શ્રોતાઓમાં થયેલી જોવામાં આવતી હતી, ત્યાં નહીં વંચાયેલ માટે તો આશાજ શી રાખી શકાય? મતલબકે ત્યાં આવેલ શ્રોતાઓ જૈનેતર વિદ્વાનો, ( સાક્ષરોને ) જૈન સાહિત્યને સ્થાન આપવામાં પરિષદ્ જાણે સાહિત્યની ચર્ચા કરનાર મંડળ હોવાને બદલે એક ધાર્મિક ( જૈનધર્મની ) પરિષદ્ હોય તેવી થઇ જતી તેમની દૃષ્ટિમાં લાગતી હતી; તેટલુંજ નહીં, પરંતુ તે વખતે જૈન વક્તાઓ અત્યારસુધી જૈનોને થયેલ ગેરઇન્સાફ માટે રીતસર ફરીયાદ પરિષદ્‌ને રજુ કરતા હતા, જે સ્થિતિ જૈન સમાજને તો પસંદ કરવા યોગ્ય તો નહોતી; આવું છતાં "સાહિત્ય" વગેરે માસિકમાં સાહિત્ય પરિષદ્‌ની નજર નોંધના લેખમાં "ભાવનગરમાં તો પરાણે જૈન બનાવવા પ્રયત્ન થયા. સાહિત્ય પરિષદ્ છે તે વાત ભૂલાઈ ગઇ" વગેરે આક્ષેપો લખવામાં આવ્યા છે. તે જૈન સાહિત્ય પ્રત્યે અસહિષ્ણુતા બતાવે છે તેટલુંજ નહીં પરંતુ જૈન નામ અને જૈન નિબંધો પરત્વે પરિષદ્‌ની બેઠકોમાં થયેલ અયોગ્ય વર્તનની તે ખાત્રી કરી આપે છે.

અત્યાર સુધી જૈન સાહિત્યને જૈન ધર્મના અંગ તરીકે સાહિત્ય પરિષદ્‌માં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાન આપવાનો દાવો જૈનોએ કર્યો નથી, કરી શકે પણ નહીં, પરંતુ સાહિત્યના અંગ તરીકે સ્થાન માંગવાનો તો હક્ક છે. અને ગુજરાતી ભાષા સાહિત્યમાં તેનું સ્થાન કેવું છે, કયાં સ્થાન છે તે બતાવવા અને જાણવાની તો જરૂર છે, અને તે બતાવતા જૈનેતર સાહિત્ય રસિકોએ બતાવેલી બેદરકારી અને જૈન કોમના સાહિત્યકારોએ બતાવેલો અત્યારસુધીનો પ્રમાદ ગુજરાતી સાહિત્યક્ષેત્રને કેટલેક અંશે અપૂર્ણ રાખનારો હોવાથી તે બંને દિશાએથી (ઉપેક્ષા અને પ્રમાદ દૂર થતા) તેમજ તે વખતે જોવાયેલી અસહિષ્ણુતા દૂર થાય તો ગુજરાતી સાત્યહિનો ઉત્કર્ષ જરૂર જલદી થાય, એમ અમારૂં ચોક્કસ માનવું છે.

ઇતિહાસ અને કાવ્ય ગુજરાતી ભાષામાં જે હોય તેનો ગુજરાતી સાહિત્ય ક્ષેત્રમાં સમાવેશ થતો હોવાથી જૈન સાહિત્યનો વિભાગ સાહિત્ય પરિષદ્ ક્ષેત્રમાં આવી શકે છે, અને તેથી તે ક્ષેત્રના સાંકળના અંકોડા પૈકી આ એક અંકોડો હોવાથી તેની ગેરહાજરીથી કે તેને નહીં ગણવાથી કે તેને અતડુ રાખવાથી ગુજરાતી સાહિત્યક્ષેત્ર અપૂર્ણ રહે છે, એટલુંજ નહિ પરંતુ તે વિના ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ અપૂર્ણ રહે છે, એમ અમો માનીયે છીયે. જૈન સાહિત્ય ગદ્ય, પદ્ય, ઇતિહાસ, જ્યોતિષ, વૈદ્યક, તત્ત્વજ્ઞાન, અધ્યાત્મજ્ઞાન, વિજ્ઞાન, પુરા તત્ત્વની શોધખોળ, જીવનચરિત્રો, પ્રાચીન શિલાલેખો વગેરે એટલું બધું છે કે, જૈન સમાજ અને સાહિત્ય રસિકો, વિદ્વાન મુનિરાજો ક્રમસર યોગ્ય રીતે બહાર લાવી આ સાહિત્ય પરિષદ્ સન્મુખ રજુ કરે તો જૈનેતર સાક્ષરો અને સાહિત્યરસિકો જેઓ જૈન સાહિત્ય પ્રત્યે ઉપેક્ષા રાખે છે, અસહિષ્ણુતા બતાવે છે, અલગા રહે છે તે તેમની ભૂલ જોઇ શકે; અને જૈન સાહિત્ય પણ બહોળા પ્રમાણમાં વિવિધ જાતનું હોઇ ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં પણ તેનું સ્થાન મુખ્ય છે, અને તે સિવાય ચાલી શકે નહીં, તેમજ તે ક્ષેત્ર અને તેનો ઇતિહાસ તે વિના અપૂર્ણજ રહે તે કબુલ કર્યા સિવાય રહેજ નહીં, તેથી જૈનેતર સાક્ષર બંધુઓ અને સાહિત્યરસિકો તથા ગુજરાતી ભાષાના સેવકોને પ્રેમભાવે, સાહિત્યની વિશાળ દૃષ્ટિએ, સહાનુભૂતિથી જૈન સાહિત્યના દરેક મુદ્દા ગુજરાતી સાહિત્ય–ભાષાની દૃષ્ટિએ વિચારવા અમારી વિનંતિ છે, અને તેમ કરવાથી જેમ ગુજરાતી ભાષાના ઉત્કર્ષ માટે ઉપયોગી છે, તેમ તેને દૂર રાખવાથી–તિરસ્કાર કરવાથી, આખા સાહિત્યક્ષેત્રને મહાન્ હાનિ છે.

અત્યારસુધીના સાહિત્ય પરિષદ્નો ઇતિહાસ જોતાં જૈન સાહિત્ય પરત્વેની સંતોષકારક હકીકત માલમ નહીં પડવાથી આ પરિષદ્માં કોઇ જૈન ભાષણકર્તાએ તે સંબંધમાં ટીકા કરી હોય તો તે ઉપરની હકીકતને લઇને કરેલી છે, જેથી કયા ઉદ્દેશથી કરી હતી તે જાણવા કોશીશ કરવાની જરૂર હતી, તેને બદલે ગુજરાતી સાહિત્યના આ કે બીજા તેવા કોઇ વિભાગ પર હજુ પણ જો આક્ષેપો કરવામાં આવશે, અતડા રાખવામાં આવશે, અસહિષ્ણુતા બતાવવામાં આવશે તો અત્યારસુધી રહેલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુંચવણની પરંપરા ચાલશે, અને તેટલે દરજ્જે પરિષદ્‌મા અપૂર્ણતા રહેશે. માટે તે દૂર થવા સાહિત્યરસિક બંધુઓને નિષ્પક્ષપાતપણે સર્વદેશીયતાથી વિચાર કરવા નમ્ર સૂચના કરીયે છીએ.

આ વખતની પરિષદ્‌ના પ્રમુખ સાહેબના ભાષણમાં પણ ગુજરાતી ભાષા અને જૈન સાહિત્ય તથા સાહિત્યકારોની સહાય કે ટેકો જોવાનું ભુલી જવાયું છે, અને તેનો નહિ માત્ર ઇસારો છે. તેમ અગાઉના ભાષણોમાં પણ જોવાયેલું નથી આવ્યું તેટલુંજ નહીં પરંતુ આ વખતના ભાષણમાં સાહિત્યના યુગો જ્યાં બતાવવામાં આવ્યાં છે ત્યાં પણ તે યુગોમાં પણ જૈન સાહિત્યનું નામનિશાન નથી, અને તેને લઇને ગમે તે કારણે ભુલી જવામાં આવ્યું છે. આનું પરિણામ પણ જૈનોને—જૈનસાહિત્યને અન્યાય કરનારૂં છે, તેટલુંજ નહીં પણ સમગ્ર ગુજરાતી સાહિત્યને પણ અપૂર્ણ દેખાડનારૂં જણાયેલું હોઇ ઓછું હાનિકારક નથી. આવી સ્થિતિમાં કેટલીક વખત અનેક પ્રયાસો નકામા જવાનો વખત આવે છે, તેની કંઇપણ કિંમત રહેતી નથી. જેથી ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં જેમણે જેમણે જેટલો જેટલો ફાળો આપ્યો હોય તેને યોગ્ય સ્થાન આપવુંજ જોઇએ. હવે પછી તેમ થવા સાહિત્યકારોને અમારી નમ્ર વિનંતિ છે.

આ પરિષદ્ માટે આવેલા જૈન નિબંધોના સંબંધમાં પણ તેની આવવાની મુદત માટે પણ 'સાહિત્ય' માસિક જેવાને લખવું પડયું છે. તે "કેટલાક છેલ્લી ઘડીએ ઘુસવા પામ્યા" આ બાબતમાં ખરી રીતે એમજ હોવું જોઇએ કે વિષયનિર્ણય કમિટીએ લેવાની જે મુદત ઠરાવી હોય તે મુદત સુધીમાંજ નિબંધો લેવાવા જોઈએ. પરંતુ તે પછી કે ગમે ત્યારે કે પરિષદ્‌ની બેઠક વખતે તેવા નિબંધો લેવા તે ધોરણથી પણ વિરૂદ્ધ છે. તેટલુંજ નહીં, પરંતુ વિષયનિર્ણય કમિટી તેનો તેવા વખતે શું તપાસ કરી શકે ? નિર્ણય આપી શકે ? શું ન્યાય આપી શકે ? જેથી તે રીતે લેવાય જ નહીં. જૈનેતર વિદ્વાનોના કે જૈન વિદ્વાન લેખકોના તેવી રીતે મુદત બહાર અને છેલ્લી ઘડીયે નિબંધો લેવાઇ શકે નહીં, અને આ પરિષદ્‌માં જૈન વિભાગના નિબંધો છેક છેલ્લી ઘડીયે વિષયનિર્ણય કમિટીએ લીધા હોય તો તે ધોરણ વિરૂદ્ધજ કર્યું કહેવાય, અને એમ કરવાથી બીજાના ટીકાપાત્ર આપણે થવું પડે તે સ્વાભાવિક છે. માટે હવે પછી તેવા નિબંધને લેવા માટે પણ ઠરાવેલી મુદતની અંદરજ લેવા જોઈએ એવી અમો નમ્ર સૂચના કરીયે છીયે.

હવે છેવટે આ સંબંધમાં એકજ સૂચના કરવાની માત્ર રહે છે, અને તે જૈન સમાજનું કર્તવ્ય છે. અત્યારસુધીમાં આપણે જુદી જુદી જાતનું જૈન સાહિત્ય અમુક પ્રકટ કર્યું છે, તે જૈનેતર સાહિત્યરસિકો અને સાહિત્ય પરિષદ્‌ને રૂચિકર થાય, અને તેઓનું જૈન સાહિત્ય પરત્વે ખેંચાણ થાય તેટલા માટે તે પ્રકટ થતા સાહિત્યમાં આવેલ પારિભાષિક શબ્દો, તેની રચના, અને તેમાં આવેલ વિષયો માટે વિસ્તાર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વક વિશાળદૃષ્ટિથી બારીકીથી નોટો, પ્રસ્તાવનાઓ, ઉપોદ્ઘાતો, સંકળનાઓ વગેરે લખવાની જરૂર છે, એ વાત પણ લક્ષમાં રાખીને હવે પછી પ્રકટ થનાર જૈન સાહિત્ય માટે જૈન સમાજ, સાક્ષરો, વિદ્વાનો, તથા સાહિત્યરસિકોને નમ્ર વિનંતિ કરી, આ નોંધ પુર્ણ કરૂં છું.

*V.*

# જૈન સાહિત્ય પરિષદ્દની યોજના.

સુરતમાં વૈશાક શુદ ૧૦ થી વદી ૩ સુધી ઉદ્યાપન મહોત્સવ પ્રસંગ શેઠ નેમચંદ નાથાભાઇ તરફથી સગરામપરામાં થવાનો છે. ત્યાં બીરાજતા મુનિરાજ શ્રી વિનયવિજયજી તથા શ્રી માણેકમુનિશ્રીના ઉપદેશથી જૈન સાહિત્ય પરિષદ્ ભરવાનું નક્કી થયું છે. જૈન સાક્ષરો, સાહિત્યરસિકો વગેરેને લેખો લખી મોકલવા, તેમજ ત્યા હાજરી આપવા આમંત્રણ થયું છે. સાહિત્યરસિક બંધુ જીવણચંદ સાકરચંદ ઝવેરીએ કાર્ય ઉપાડી લીધેલું છે. વખત ઘણોજ ટુંકો છે, જેથી બને તેટલું કાર્ય કરી ભવિષ્યમાં હવે પછીના બીજા વર્ષે તેથી વધારે વિશાળ થવાની ભાવનાએ તૈયારીઓ કરી છે. આવી પરિષદ્દની જૈનસમાજને અવશ્ય જરૂર છે એમ આ વખતે શહેર ભાવનગરમાં ગુજરાતી સાહિત્ય પરિષદ્દની ભરાયેલી સાતમી બેઠકથી સિદ્ધ થયું છે. આ કાળમાં કોઇ પણ કોમ કે ધર્મને ટકાવી રાખવો હોય, વૃદ્ધિ કરવી હોય તો સાહિત્ય અને શિક્ષણ એ બે વિષયો તે સમાજની આબાદિ માટે ઉપયોગી છે. આ જૈન સાહિત્ય પરિષદ્દમાં ચર્ચવાના વિષયોનું લીસ્ટ તૈયાર કરી બહારગામ આમંત્રણ પત્રિકા સાથે મોકલી આપેલ છે. વિષયોની ચુંટણી યોગ્ય રીતે ગોઠવવામાં આવી છે. આ સાહિત્ય પરિષદ્દની બેઠક સુરત ગોપીપુરા વૈશાક વદી ૧–૨–૩ તા. ૧૯–૨૦–૨૧ મે ૧૯૨૪ ના રોજ ત્રણ દિવસ મળશે. અમો આ પરિષદ્દની ફતેહ ઇચ્છીયે છીયે, અને જૈનસમાજ તે કાર્ય ઉપાડી લઇ દર વર્ષે જુદે જુદે સ્થળે ભરી પોતાના ધર્મનો અણમૂલો વારસો એકત્રિત કરી જનસમાજને બતાવી આપે કે આ દેશમાં વિશાળ અને જુદું જુદું સાહિત્ય જૈન દર્શનમાં જ છે. એમ અમે નમ્ર સૂચના કરીયે છીયે. વિશેષ હવે પછી.

# વર્તમાન સમાચાર.

જયંતિ—છાણી ગુજરાતમાં શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજના પ્રમુખપણા નીચે શ્રી મહાવીરપ્રભુની જયંતી ઉજવવા ગઇ ચૈત્ર શુદ ૧૩ ના રોજ શ્રી સંઘનો મેળાવડો કર

For Private And Personal Use Only

વામાં આવ્યો હતો. તેમાં પ્રભુના ગુણગ્રામ સાથે આચાર્ય મહારાજશ્રી તરફથી જ્ઞાનના મહિમાનું વર્ણન થતાં સૂરીજીમહારાજના ઉપદેશથી શાહ સકરાભાઇ ચીમનલાલની માતુશ્રી હીરાકુંવરે રૂા. ૬૦૦૦) પાઠશાળા ચલાવવા માટે આપ્યા હતા. પાઠશાળા શેઠ મૂળચંદ ગરબડદાસના નામથી સ્થપાઇ છે. તેને માટે એક કમીટી નીમવામાં આવી હતી. શેઠ નગીનદાસ પાટણવાળા તરફથી રૂા. ૫૦૦૦) પુસ્તકો લખાવવા તથા રૂા. ૧૦૧) જ્ઞાનમંદિરમાં તથા રૂા. ૫૧) પાંજરાપોળમાં આપી પોતાની ઉદારતા બતાવી હતી. ( મળેલું )

## શ્રી પાલીતાણામાં શ્રાવિકાશ્રમની સ્થાપના.

આ શહેરમાં વૈશાક શુદ ૩ બુધવારના રોજ આ સ્ટેટના નામદાર રાણી સાહેબના મુબારક હસ્તથી ઉપરોક્ત આશ્રમની સ્થાપના કરવામાં આવી હતી. સાથે નામદાર શ્રી ઠાકોર સાહેબ શ્રી બહાદુરસિંહજી પાલીતાણા નરેશના અધ્યક્ષ સ્થાને એક મેળાવડો પણ કરવામાં આવ્યો હતો. જેમાં આ સંસ્થાનો ઉદ્દેશ, યોજના, કાર્યક્રમ વગેરે શેઠ નરોતમદાસ ભાણજીએ વાંચી બતાવ્યા હતા. નામદાર ઠાકોર સાહેબ તથા આ સ્ટેટના દીવાન સાહેબે પણ પ્રસંગને અનુસરતા ભાષણો આપ્યાં હતાં. વડોદરા સ્ટેટના દીવાન સાહેબના બ્હેન સુલોચના બ્હેન જેઓ ખરેખરૂં શિક્ષણ પામેલા હોઇ તેમણે તે વખતે આપેલું વિદ્વતાભર્યું ભાષણ ઘણુંજ ખેંચાણકારક તથા બોધદાયક હતું. આ સંસ્થાની સ્થાપના કરવામાં તથા તેની યોગ્ય વ્યવસ્થા કરવા ( ચલાવવામાં ) બ્હેન સુરજ બેન તે શેઠ નરોતમદાસ ભાણજીના સુપત્ની તથા બ્હેન હરકોર બહેન તે શાહ મોહનલાલ ગોવિંદજીના સુપત્ની વગેરેના પ્રયત્નનું :આ ફળ છે અમો આ સંસ્થાની પ્રગતિ ઇચ્છીએ છીએ.

## તપસ્વી મુનિરાજ શ્રી ગુણવિજયજી મહારાજનું વરસી તપનું પારણું.

ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજ) ના પ્રશિષ્ય મુનિરાજશ્રી ગુણવિજયજી મહારાજ ઉત્કૃષ્ટ તપસ્વી છે. તેઓશ્રીની તપસ્યા અપૂર્વ હોઇને જાણી અનુમોદન પામવા જેવું છે. તેઓશ્રીએ સં. ૧૯૭૯ ના ફાગણ વદી આઠમના રોજ મલેર કોટલા—પંજાબમાંથી પ્રારંભ અને સં. ૧૯૮૦ વૈશાક શુદ ૩ ના રોજ શ્રી જંડીયાળા પંજાબ સમાપ્તિ એ પ્રમાણેનો વરસી તપ કર્યો હતો. ગઇ સાલમાં અધિકમાસ ગણતાં કુલ દિવસો ૪૨૫ થયા જેમાં પારણાના દિવસો ૯૪ બાકી ૩૩૧ દિવસ તપસ્યા જેમાં પણ ૭૭) અઠ્ઠમ, ૧ સોળ ઉપવાસ, બે વાર નવ ઉપવાસ, ૧ અઠ્ઠાઇ ૧ સાત ૯ ચાર ચારના થોક હતા. અઠ્ઠમ અઠ્ઠમને પારણે વરસી તપ શરૂ કરેલ હતો. શરૂઆત પાંચ ઉપવાસથી અને છેવટમાં અઠ્ઠાઇ કરી હતી અને વધારે ઉપવાસો ઉપર પ્રમાણે કર્યા હતા. આવી ઉત્કૃષ્ટ અને અપૂર્વ તપસ્યા સાથે વિહાર પણ થતો હતો. છેવટે વરસી તપનું પારણું શ્રી ગુરૂના જંડીયાળા—પંજાબ શ્રી આદિનાથ પ્રભુના ચરણકમળમાં ગઇ વૈશાક શુદ ૩ ના રોજ ચતુર્વિધ શ્રી સંઘ સમક્ષ થયું હતું. આવા ઉગ્ર તપસ્યા કરનાર અને ક્રિયાપાત્ર મુનિરાજ શ્રી ગુણવિજયજી મહારાજની આ મહામંગલકારી તપની હકીકત જાણી અત્યંત આનંદ થાય છે. અને મોક્ષ મેળવવા માટે કર્મનિર્જરા માટે શાસ્ત્રકાર મહારાજે તપ કહેલ છે તે આવા તપથીજ. આવા ત્યાગી મહાત્માઓ જલદીથી કર્મ નિર્જરા કરી મોક્ષાનંદ મેળવી શકે છે. આપણે પણ આ પ્રશંસનીય મુનિરાજ અને તેઓશ્રીના આ તપની અનુમોદના કરવા સાથે તે કરવા ભાગ્યશાળી બનીયે એવી શુભેચ્છા રાખવાની જરૂર છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી તાલધ્વજગિરિપર પ્રતિષ્ઠા મહોત્સવ.

વૈશાખ શુદ ૧૦ બુધવારના રોજ ઉપરોક્ત ગિરિ ઉપર એક નવીન જિનાલય અમદાવાદ નિવાસી શેઠ દલપતભાઇ મગનભાઇ હઠીસંગના ધર્મપત્ની શેઠાણી લક્ષ્મી બ્હેન તરફથી એક લાખ રૂપૈયા ખરચી નવીન દેરાસર બંધાવી શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિષ્ઠા કરી બિરાજમાન કરવામાં આવ્યા છે. તળાજા ગામથી ચાર પાંચ કોસ દૂર સાખડાસર ગામમાંથી પ્રતિમાજી મળ્યા હતા. અને તે માટે નવીન દેરાસર શરૂ કરવાની ત્યાંના સંઘને જરૂર જણાતાં ઉપર પ્રમાણે જિન મંદિર નવીન બાંધવામાં આવતાં પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. પ્રતિષ્ઠા મહોત્સવ ઉપર શુમારે દશ હજાર જૈનો અને પાંચ હજાર અન્ય વર્ણના લોકો આવેલ હતા. અઠ્ઠાઇ મહોત્સવ, ઉદ્યાપન પણ સાથે કરવામાં આવેલ હતા. સ્વામીવાત્સલ્ય પણ રોજ જુદા જુદા જૈન બંધુઓ તરફથી થતું હતું. ક્રિયા વિધિ પૂર્વક પ્રતિષ્ઠા નિર્વિઘ્નપણે થઇ હતી. ભાવનગર રાજ્યમાં આ તીર્થ આવેલું હોવાથી રાજ્યે મદદ પણ સારી આપી હતી. પ્રતિષ્ઠા આચાર્ય મહારાજ શ્રી વિજયદર્શનસૂરિજી હસ્તક થઇ છે.

## ગ્રંથાવલોકન.

**જૈનેતર દૃષ્ટિએ જૈન**—આ નામની બુક શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી મહારાજ ) ના શિષ્ય મુનિરાજશ્રી અમરવિજયજી મહારાજે અનેક સ્થળેથી સંગ્રહ કરી તૈયાર કરી છે. પ્રાચીન કાળથી ચાલતો આવેલો સત્યધર્મ તે ધર્મના પાળનારાઓ તરફથી માત્ર નહીં, પરંતુ કોઇ ત્રાહિત મધ્ય પુરૂષોની દૃષ્ટિથી વિચારવામાં આવતો જ સત્યાસત્યનો નિર્ણય થઇ શકે અને તેમાં દુરાગ્રહનો ત્યાગ કરી મધ્યસ્થપણાની બુદ્ધિથી વિચાર કરે તો જ સત્ય જણાઇ શકે. આવા સંયોગો વચ્ચે અન્ય ધર્મના મધ્યસ્થ પંડિતોએ પોતાના ચાલતા ધર્મનો અને બીજા ચાલતા ધર્મનો અભ્યાસ કરી સત્ય હૃદયથી તુલનાત્મક દૃષ્ટિથી સારભૂત જે ઉદ્‌ગારો પ્રગટ કરેલા હોય તેજ તેનો નિર્ણય માની શકાય, આ ગ્રંથમાં તેવી જ રીતે વર્તમાનકાળમાં મધ્યસ્થ દેશી તથ પરદેશી વિદ્વાનો કે જે જૈન ધર્મના અભ્યાસી મનુષ્યો છે, તેઓ જ આજે જૈન ધર્મના સુનિશ્ચિત તત્વોને એકી અવાજે સ્વિકારે છે ( આ વિદ્વાનોએ માત્ર જૈન ધર્મનો નહીં, પરંતુ ઘણા કાળથી હિંદુ ધર્મનો વિચાર કરતાં વૈદિક જૈન અને બૌદ્ધધર્મ જે પ્રાચીન કાળથી વિસ્તારપણે ચાલતા આવેલા નજરે પડે છે એ ત્રણ ધર્મનો અભ્યાસ કરી રહ્યા છે તેઓએ જ ) મધ્યસ્થ અને પ્રમાણિક અને સત્ય સ્વરૂપે જૈનેતર તેઓ હોવા છતાં, તેમની દૃષ્ટિએ જૈન દર્શનને પ્રાચીન અને સત્ય તત્ત્વવાળો સ્વિકાર્યો છે. એટલું જ નહિં પરંતુ આ વર્તમાન કાળના તત્ત્વ બોધક પંડિતોએ નિષ્પક્ષપાતપણાની બુદ્ધિથી જૈનોમાં રહેલા મહત્વના તત્ત્વો જોઇ શકયા છે. તે પૂર્વના મોટા મોટા અન્ય પંડિતો પણ પોતાના દુરાગ્રહને વશ થયેલા જૈનોના એક પણ મહત્વના તત્ત્વને જાણી શકયા નથી; એજ વિષય આ ગ્રંથમાં તે તે વિદ્વાનોના નામ અને વિવેચન સાથે બતાવવામાં આવેલ છે, જૈન તો શું પરંતુ જૈનેતર અન્ય વિદ્વાન કે જૈન ધર્મ જાણવાના જીજ્ઞાસુઓ માટે અતિ આવશ્યક છે. ઉક્ત મુનિ મહારાજે ઉપકારક બુદ્ધિથી ઘણો જ શ્રમ લઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ગ્રંથ તૈયાર કરેલો છે. અમો તે સાદ્યંત વાંચવા ભલામણ કરીયે છીયે. પ્રકાશક શાહ ડાહ્યાભાઇ દલપતભાઇ, ભરૂચ. કિંમત રૂા. ૧—૦—૦ મળવાનું ઠેકાણું.

શાહ મગનલાલ મેલાપચંદ સીનોર તથા શાહ છોટાલાલ છગનલાલ કાજી.
મુ. ડભોઇ ઠે૦ શ્રીમાલી વાગામાં.

**શ્રી આત્મવલ્લભ પૂજા સંગ્રહ**—પ્રકાશક પૂજા પ્રેમી માસ્તર માણેકલાલ નાનજીભાઇ. આ બુકમાં શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજ અને મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજની કૃતિનો ૨૩ પૂજાઓનો સંગ્રહ છે. મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજે બનાવેલી છેલામાં છેલ્લી શ્રી અષ્ટાપદજી તથા શ્રી બ્રહ્મચર્યની પૂજાનો પણ આ બુકમાં સમાવેશ કરવામાં આવ્યો છે અને આ છેલ્લી પૂજાની રચના તો અદ્દભૂત બનેલી છે એમ વાંચતા માલમ પડે છે. મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજે આ પૂજાઓની વિધિ સવિસ્તર અને શબ્દોનો અર્થ ( નોટ ) પણ પાછળના ભાગમાં આપી પ્રભુ ભક્તિના માર્ગમાં સરલતા કરી આપી છે. ગુજરાત કાઠીયાવાડ વગેરે પ્રાંતમાં ગુજરાતી ભાષા જાણનારાઓ વધારે લાભ લઇ શકે તેવા હેતુથી પ્રકાશકે ગુજરાતી ભાષામાં છપાવેલ છે. પ્રકાશકના આવા પ્રયાસો નિસ્વાર્થ વૃત્તિના હોવાથી તેમજ પ્રભુ ભક્તિમાં તેમનું હૃદય લીન હોવાથી તેવું બીજા અન્ય બંધુઓનું થવા માટેનો જ આ પ્રયત્ન છે. સુંદર રાગ રાગીણિથી ભરપુર ઉંચા કાગળ, મોટા ટાઇપ, કપડાનું પાકું બાઇન્ડીંગ અને શુમારે પાંચશેંહ પાનાના આ દળદાર ( મોટા ) ગ્રંથની કિંમત માત્ર બે રૂપૈયા વ્યાજબી છે. નફો જ્ઞાન ખાતેજ તેવા ગ્રંથો પ્રકટ કરવાનો પ્રકાશકનો શુભ હેતુ હોવાથી પ્રભુભક્તિના જિજ્ઞાસુ માટે આ ગ્રંથ અવશ્ય ખરીદ કરી લાભ લેવા જેવું છે. મળવાનું ઠેકાણું **માણેકલાલ નાનજી.** ઠે૦ સખીદાસની શેરી તથા **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર**

# સુધારો.

અંક ૮ મો પા. ૧૮૦ ફુટનોટ—પુંડરિકે થોડા દિવસ ચારિત્ર પાળ્યું જે અનશન કરી મોક્ષે ગયા—તેને બદલે અનશન કરી સર્વાર્થ સિદ્ધ વિમાને ગયા એમ સમજવું—જ્ઞાતા ધર્મ કથા સૂત્ર ( આ. સ. ) પૃષ્ટ ૨૪૫.

અંક ૮ મો, પા. ૧૮૯ લેખ જૈનાચાર્ય ચરિત્રમાં લખેલ છે. શ્રી જંબુસ્વામીએ મહાન્ અને અતિ ગંભીર ગ્રંથોની રચના કરી છે આમ લખેલ છે; પરંતુ તે વખતે ગ્રંથો લખાયેલા નહોતા. અને લખાતા પણ નહોતા. અને શ્રી જંબુસ્વામીએ ગ્રંથો રચ્યા તેમ પણ અધિકાર કોઇ ઠેકાણે નથી એમ સમજવું.

અંક ૬ પા. ૧૨૦ મહાવીરસ્વામીનો જન્મ વિશાળા નગરીમાં લખેલ છે તેને બદલે ક્ષત્રીયકુંડ નગરીમાં સમજવો.

અંક ૯ મો, પા. ૨૨૧ એક રાતમાં ઘોર બાવીશ ઉપસર્ગો થયા એમ લખેલ છે. તેને બદલે વીરપ્રભુને ઉપસર્ગ થયા હતો એમ સમજવું.

અંક ૯ મો, પા. ૨૧૯ ત્રીશ વર્ષ સુધી પોતાના બાકી રહેલ કર્મ ખપાવવામાં જેને ઉપસર્ગો થયા. તેને બદલે સાડાબાર વર્ષ સુધી કર્મ ખપાવવામાં જેને ઉપસર્ગો થયા તેમ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आ सभा तरफथी प्रसिद्ध थयेला–संस्कृत, मागधी अने भाषांतरना ग्रंथो.

| | |
|---|---|
| ×१ समवसरणस्तवः | ०–१–० |
| ×२ क्षुल्लकभवप्रकरणम् | ०–१–० |
| ×३ लोकनालिका | ०–२–० |
| ×४ योनिस्तवः | ०–१–० |
| ×५ कालसप्ततिका | ०–१–६ |
| ×६ देहस्थितिस्तवो लघ्वल्पबहुत्वं च | ०–१–० |
| ×७ सिद्धदण्डिका | ०–१–० |
| ×८ कायस्थितिस्तवः | ०–२–० |
| ×९ भावप्रकरणम्. | ०–२–० |
| ×१० नवतत्त्वप्रकरणं भाष्यविवृत्तिसमलंकृतम् | ०–१२–० |
| ×११ विचारपञ्चाशिका | ०–२–० |
| १२ बन्धषट् त्रिंशिका | ०–२–० |
| १३ परमाणुपुद्गल–निगोदषट्त्रिंशिका | ०–३–० |
| १४ श्रावकव्रत भङ्गप्रकरणम् | ०–२–० |
| १५ देववन्दनादि भाष्यत्रयम् | ०–८–० |
| १६ सिद्धपञ्चाशिका | ०–२–० |
| १७ अन्नायउञ्छकुलकम् | ०–२–० |
| १८ विचारसप्ततिका | ०–३–० |
| १९ अल्पबहुत्वगर्भितवीरस्तवनादि. | ०–२–० |
| २० पञ्चसूत्रम् | ०–८–० |
| २१ जम्बूस्वामी चरित्रम् | ०–४–० |
| २२ रत्नपाळनृपकथानकम् | ०–५–० |
| २३ सूक्तरत्नावली | ०–४–० |
| २४ मेघदूतसमस्यालेखः | ०–४–० |
| २५ चेतोदूतम् | ०–४–० |
| ×२६ अष्टान्हिकाव्याख्यानम् | ०–६–० |
| ×२७ चम्पकमालाकथानकम् | ०–६–० |
| ×२८ सम्यक्त्वकौमुदी | ०–१२–० |
| ×२९ श्राद्धगुणविवरणम् | १–०–० |
| ×३० धर्मरत्नप्रकरणं ( स्वोपज्ञटीकया समलंकृतम् ) | ०–१२–० |
| ×३१ कल्पसूत्रं सुबोधिकानाम्न्या टीकया भूषितम् | ०–०–० |
| ×३२ उत्तराध्ययनम् ( भाविजयगणि-विरचितटीकयोपेतम् ) | ५–०–० |
| ×३३ उपदेशसप्ततिका | ०–१३–० |
| ×३४ कुमारपालप्रबन्धः | १–०–० |
| ×३५ आचारोपदेशः | ०–३–० |
| ३६ रोहिण्यशोकचन्द्रकथा | ०–२–० |
| ×३७ ज्ञानसाराष्टकं ( ज्ञानमञ्जरीनाम्न्या टीकया समलंकृतम्. ) | १–०–० |
| ३८ गुरुगुणषट त्रिंशत्षट् त्रिंशिकाकुलकं ( दिपिकया भूषितम् ) | ०–१०–० |
| ३९ समयसारप्रकरणं ( स्वोपज्ञव्याख्योपेतम् ) | ०–१०–० |
| ४० सुकृतसागरम् | ०–१२–० |
| ४१ धम्मिलकथा | ०–२–० |
| ४२ धन्यकथानकम् | ०–२–० |
| ४३ प्रतिमाशतकम् | ०–८–० |
| ४४ चतुर्विंशतिस्तुति संग्रहः | ०–६–० |
| ४५ रौहिणेयकथा | ०–२–० |
| ×४६ क्षेत्रसमासप्रकरणं ( स्वोपज्ञटीकया भूषितम् । ) | १–०–० |
| ४७ श्राद्धविधिः ( विधिकौमुदीनाम्न्या वृत्योपेतः ) | २–८–० |
| ४८ बृहत्संग्रहणी | २–८–० |
| ४९ षडदर्शनसमुच्चयः | ३–०–० |
| ५० पञ्चसंग्रहः | ३–८–० |
| ५१ सुकृतसंकीर्तनमहाकाव्यम् | ०–१२–० |
| ५२ चत्वारः प्राचीनकर्मग्रन्थाः | २–८–० |
| ५३ सम्बोधसप्ततिः | ०–१०–० |
| ५४ कुवलयमाला कथा–संस्कृत | १–८–० |
| ५५ सामाचारीप्रकरणं ( स्वोपज्ञटीकयाभूषितम् ) | ०–१०–० |
| ५६ करुणावज्रायुधनाटकम् । | ०–४–० |
| ५७ कुमारपालचरित्रमहाकाव्यम् | ०–१०–० |
| ५८ महावीर चरियं | १–०–० |
| ५९ कौमुदीमित्राणन्दनाटकम् | ०–८–० |
| ६० प्रबुद्धरौहिणेयम् | ०–६–० |
| ६१ धर्माभ्युदयम् | ०–६–० |
| ६२ पञ्चनिग्रन्थीप्रज्ञापनातृतीयपदसंग्रहणी प्रकरणे | ०–८–० |
| ६३ रयणसेहरीकहा | ०–८–० |
| ६४ सिद्ध प्राभृत | ०–१०–० |
| ६५ दानप्रदीपं | २–०–० |
| ६६ बंध हेतुदयत्रिभंगी आदि | ०–१२–० |
| ६७ धर्म परिक्षा | ०–१२–० |
| ६८ सप्ततिशतस्थान | १–०–० |
| ६९ चैत्यवंदन महाभाष्य | १–१२–० |
| ७० प्रश्नपद्धति | ०–२–० |
| ७१ कल्प किरणावली | ०–०–० |

× આ નીશાનીવાળા ગ્રંથો સિલીકમાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | |
|---|---|
| ७२ योगदर्शन | १-८-० |
| ७३ मंडल प्रकरण | ०-४-० |
| ७४ देवेन्द्रनरकेन्द्र सटीक | ०-१२-० |
| ७५ सुमुखनृपादिकथानकम् | ०-११-० |

### छपायेला परचुरण संस्कृत ग्रंथो.

| | |
|---|---|
| १ मेरु त्रयोदशी कथा | ०-४-० |
| २ सुसढ चरित्र | ०-२-० |
| ३ श्री सुदर्शना चरित्र ( प्रथम भाग ) | ०-६-० |
| ४ जल्प मंजरी | ०-२-० |
| ५ जैन व्रतक्रिया विधि | भेट |
| ६ साधु श्रावश्यक क्रियासूत्र | ,, |
| ७ नळदमयंति आख्यान | ,, |
| ८ श्री अनुत्तरोपपातिक दशासूत्र | ०-६-० |

### छपायेला जैन ऐतिहासिक ग्रंथो.

(श्रीमान् प्रवर्तकजी श्री कान्तिविजयजी ग्रंथमाळा.)

| | |
|---|---|
| १ विज्ञप्ति त्रिवेणी | १-०-० |
| २ कृपा रसकोष | १-०-० |
| ३ शत्रुंजय तिर्थोद्धार प्रबंध | १-०-० |
| ४ प्राचीन जैन लेख संग्रह भाग १ लो | १-०-० |
| ५ द्रौपदी स्वयंवर नाटक | ०-४-० |
| ६ प्राचीन लेख संग्रह भा. २ जो | ३-८-० |

### છપાયેલાં ગુજરાતી ભાષાનાં પુસ્તકો.

| | |
|---|---|
| ૧ શ્રી જૈન તત્ત્વાદર્શ (શાસ્ત્રી) | ૫-૦-૦ |
| ૨ નવતત્ત્વનો સુંદર બોધ | ૦-૧૦-૦ |
| ×૩ દેવસીરાઇ પ્રતિક્રમણ | ૦-૩-૦ |
| ૪ જીવવિચાર વૃત્તિ | ૦-૬-૦ |
| ૫ અજ્ઞાન તિમિર ભાસ્કર | ૨-૮-૦ |
| ૬ જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦-૮-૦ |
| ૭ જૈનતત્ત્વસાર મૂળ તથા ભાષાંતર | ૦-૬-૦ |
| ૮ દંડક વિચાર વૃત્તિ મૂળ. અવચૂરિ | ૦-૮-૦ |
| ૯ નયમાર્ગદર્શક | ૦-૧૨-૦ |
| ૧૦ હંસવિનોદ ( શાસ્ત્રી ) | ૦-૧૨-૦ |
| ×૧૧ વિવિધ પૂજાસંગ્રહ | ૦-૮-- |
| ૧૨ કુમાર વિહાર શતક. મૂળ. અવચૂરિ અને ભાષાંતર સાથે (શાસ્ત્રી) | ૧-૮-૦ |
| ૧૩ જૈન તત્ત્વસાર ભાષાંતર | ૦-૨-૦ |
| ૧૪ પ્રકરણ સંગ્રહ | ૦-૪-૦ |
| ૧૫ નવ્વાણું પ્રકારી પૂજા અર્થ સહિત | ૦-૮-૦ |
| ૧૬ આત્મવલ્લભ સ્તવનાવલી | ૦-૬-૦ |
| ૧૭ મોક્ષપદ સોપાન | ૦-૧૨- |
| ×૧૮ ધર્મબિન્દુ ગ્રંથ, મૂળ ટીકા અને ભાષાંતર સાથે | ૨-૮-૦ |
| ૧૯ પ્રશ્નોત્તર પુષ્પમાલા ( શાસ્ત્રી ) | ૦-૧૪-૦ |
| ×૨૦ ધ્યાનવિચાર ( ગુજરાતી ) | ૦-૩-૦ |
| ૨૧ શ્રાવક કલ્પતરૂ | ૦-૬-૦ |
| ૨૨ આત્મપ્રબોધ ગ્રંથ ( શાસ્ત્રી ) | ૨-૮-૦ |
| ×૨૩ આત્મોન્નતિ | ૦-૧૦-૦ |
| ૨૪ પ્રકરણ પુષ્પમાલા પ્રથમ પુષ્પ | ૦-૬-૦ |
| ૨૫ જંબુસ્વામી ચરિત્ર | ૦-૮-૦ |
| ૨૬ જૈન ગ્રંથ ગાઇડ ( ગુજરાતી ) | ૧-૦-૦ |
| ૨૭ તપોરત્ન મહોદધિ ભાગ ૧—૨ તમામ તપ વિધિ સાથે | ૦-૮-૦ |
| ×૨૮ વિવિધ પૂજાસંગ્રહ (બી. આવૃત્તિ) | ૧-૪-૦ |
| ૨૯ સમ્યક્ત્વ સ્તવ | ૦-૪-૦ |
| ૩૦ શ્રી શ્રાદ્ધગુણ વિવરણ | ૧-૮-૦ |
| ૩૧ ચંપકમાળા ચરિત્ર | ૦-૮-૦ |
| ×૩૨ કુમારપાલ ચરિત્ર ( હિંદી ) | નથી |
| ૩૩ શ્રી સમ્યક્ત્વ કૌમુદી ,, | ૧-૦-૦ |
| ૩૪ પ્રકરણ પુષ્પમાલા બીજું રત્ન | ૦-૮-૦ |
| ૩૫ અનુયોગદ્વાર સૂત્ર | ૦-૮-૦ |
| ૩૬ અધ્યાત્મમત પરીક્ષા | ૦-૪-૦ |
| ૩૭ ગુરૂગુણ છત્રીશી | ૦-૮-૦ |
| ૩૮ શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦-૫-૦ |
| ×૩૯ શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૦-૪-૦ |
| ૪૦ જ્ઞાનામૃત કાવ્યકુંજ ( જ્ઞાનસાર અષ્ટક ગદ્ય, પદ્ય, અનુવાદ સહિત ) | ૦-૧૨-૦ |
| ૪૧ શ્રી દેવ ભક્તિમાળા પ્રકરણ | ૧-૦-૦ |
| ૪૨ શ્રી ઉપદેશ સપ્તતિકા | ૧-૦-૦ |
| ૪૩ સંબોધ સિત્તરી | ૧-૦-૦ |
| ૪૪ ગુણમાલા ( પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણનું વર્ણન અનેક કથાઓ સહિત ) | ૧-૮-૦ |
| ૪૫ સુમુખનૃપાદિ કથા. | ૧-૦-૦ |

### छपाता ग्रंथो.

१ श्री नेमनाथ चरित्र.
२ श्री दानप्रदीप भाषांतर
३ श्रावक धर्म विधि.
४ मेघदूत काव्य
५ गुरुतत्व विनिश्चय
६ श्री सुपार्श्वनाथ चरित्र भाषांतर

× આ નીશાનીવાળા ગ્રંથો સીલીકમાં નથી.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | |
|---|---|---|
| ૬ | સદર ભાગ ૨ જો. | ૩-૦-૦ |
| ૭ | શ્રી પંચપ્રતિક્રમણ વિધિ સહિત વાંચી જવાથી ઘેર બેઠા થઇ શકે છે. | ૨-૮-૦ |
| ૮ | શ્રીજંબુસ્વામી ચરિત્ર. | ૦-૮-૦ |
| ૯ | શ્રી ચંપકમાલા સતી ચરિત્ર. | ૦-૮-૦ |
| ૧૦ | શ્રી ઉપદેશ સપ્તતિકા ઇતિહાસિક કથા ગ્રંથ. | ૧-૦-૦ |
| ૧૧ | શ્રી વિવિધ પૂજા સંગ્રહ ( તદ્દન નવીન પૂજાનો સંગ્રહ ) | ૨-૦-૦ |

ઘણીજ થોડી નકલો સીલીકે છે.

# "શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર."

( અનુવાદક પ્રસિદ્ધ વક્તા જૈનાચાર્ય શ્રીમદ્ અજીતસાગરજીસૂરિ. )

## આ ચરિત્રમાં શું વાંચશો ?

શ્રી સુપાર્શ્વનાથ પ્રભુના જન્મ મહોત્સવ, બાલ વય, વિવાહ, દિક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ પાંચે કલ્યાણકો વગેરે વખતે દેવતાઓએ કરેલ પ્રભુભકિત કે જેનું વિસ્તાર પૂર્વક વર્ણન બીજા બધા તિર્થંકર મહારાજના ચરિત્રો કરતાં આ ચરિત્રમાં વિશેષ જાણવા યોગ્ય અને આલ્હાદ ઉત્પન્ન કરે છે. પ્રભુ શ્રી સુપાર્શ્વનાથ સ્વામીએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી અનેક સ્થળોએ વિચરી ભવ્ય જીવે ને હિતકર ઉપદેશ અનેક કથાઓ સહિત આપેલ છે. આ ગ્રંથમાં ક્રમવાર આપેલ કથાઓની અલૌકિક રચના અને તેમાં છુપાયેલ અપૂર્વ તત્વજ્ઞાન બોધ એવો છે કે તેની ખુબી જોતાં અસાધારણ ગૌરવનું પાત્રભૂત આ ચરિત્ર છે એમ જણાય છે.

આ ગ્રંથના કર્તા શ્રીમાન્ અભયદેવસૂરિના પ્રશિષ્ય શ્રીમાન્ લક્ષ્મણગણી છે કે જે મહાત્માએ આ ગ્રંથ સંવત ૧૧૯૯ માં કુમારપાળ રાજાના વખતમાં રચ્યો છે. આ ચરિત્રની રચના, પ્રતિભા ખરેખર અદ્વિતીય હોવાથી તે આદર્શરૂપ બનેલ છે.

આ ગ્રંથમાં શ્રાવક જનોને પાળવા લાયક સમ્યકત્વ મૂલ બાર વ્રતો અને તેના અતિચારો વગેરેનું વર્ણન ઘણુંજ વિશાળ રીતે આપેલ છે અને અતિચારના સેવનથી થતું અશુભ ફળ અને વ્રતથી થતું શુભ ફળના પ્રત્યેક દ્દષ્ટાંતો અને કથાઓ આપી છે, જે બીજે સ્થળે આટલું વિસ્તાર પૂર્વક મળવા અસંભવ છે; એટલુંજ નહિ પરંતુ તે કથાઓમાં બુદ્ધિનો મહિમા-સ્વભાવનું વિવેચન, અદ્દભૂત તત્વવાદનું વર્ણન, લૌકિક આચાર, વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રભાવ, નૈતિક જીવન વિગેરે તત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. આ ગ્રંથનો ઉપોદ્દઘાત પણ ભાષાંતર કર્તા મહાત્માએ બહુજ વિદ્વતાપૂર્ણ તત્વદૃષ્ટિએ, સંક્ષિપ્ત વર્ણનરૂપ લખેલ હોઇ ખાસ વાંચવા જેવો છે. એકંદર આ ગ્રંથ મનુષ્ય જીવનનો માર્ગદર્શક, જૈન દર્શનનો આચાર વિચારનું ભાન કરાવનાર અને તત્વજ્ઞાન પ્રાપ્ત કરી આત્માને મોક્ષ પ્રાપ્ત કરવા માટે એક પ્રબળ સાધન છે. ઘરમાં, પુસ્તકાલયમાં, નિવાસ સ્થાનમાં અને કોઇપણ પ્રસંગે સ્મરણ-મનન માટે પોતાની પાસે આ ગ્રંથ અવશ્ય હોવો જોઇએ.

ઉંચા એન્ટીક કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં ઉંચા રેશમી કાપડના બાઇડીંગથી અલંકૃત કરેલ છે. પાંચશો પાનાનો આ ગ્રંથ છે. કિંમત રૂ. ૨-૦-૦ પોસ્ટ ખર્ચ જુદો--

મળવાનું ઠેકાણું—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અર્વાચીન ગુજરાતી સાહિત્ય વિષે વિચાર.

"હવે આપણે અર્વાચીન ગુજરાતી સાહિત્યની સ્થિતિ અને પ્રવૃત્તિ જોઈએ. દુનિયાની બીજી પ્રજાઓની માફક આપણે પણ આપણા સાહિત્યનું અભિમાન રાખીએ તેમાં કશું ખોટું નથી. એ આપણું સ્વજન છે, હૃદય છે, અને પ્રાણ પણ છે. અનંત બ્રહ્માંડમાં સૂર્ય શું, ચંદ્ર શું, આપણી પૃથ્વી શું. અને આપણે શું, પણ ન્યાયી ઈશ્વરે એ સર્વને તેમ આપણને પણ વ્યક્તિત્વ આપેલું છે, એટલે આપણી પોતાની મર્યાદામાં આપણી સેવા એ માયાળુ પ્રભુના ચરણમાં દેવાનું આપણે યોગ્ય અભિમાન હોઇ શકે. ગુજરાતી સાહિત્ય સંસ્કૃત જેવુ પ્રૌઢ ન હોય; અંગ્રેજી જેવું વિશાળ ન હોય, કદાચ એના બાળબંધુ બંગાલી જેવું નવસમૃદ્ધ પણ ન હોય; પણ એ સુંદર અને મધુર તો છેજ, અને આપણું પોતાનું હોવાથી વહાલું પણ છેજ. એને આપણા સિવાય બીજા કોણ લાડ લડાવશે, એની અભિલાષાઓ બીજા કોણ પુરી કરશે. એની નાની મોટી સેવા બીજા કોણ ઉઠાવશે, અને દુનિયામાં એને આગળ પડતું કરવા માટે આપણા સિવાય બીજા કોણ એને માથે કીર્ત્તિની કલગી ખોસશે. એવા એવા કોડ આપણુ સર્વ ગુજરાતી બંધુઓમાં સતત ઉછળતા રહેવા જોઇએ. એને માટે પ્રેમાનંદે જીવનભર માથે પાઘડી બાંધી નહિ, એને માટે નર્મદે કેસરીઆ લઈ પેટે પાટો બાંધ્યો. એને માટે દલપતરામે દરબારે દરબારે વકીલાત કરી લક્ષ્મીજાયાઓ પાસે ભિક્ષા માગી અને આપણી નજર સામે એને માટે ગોવર્ધનરામે લક્ષ્મીજીનાં સુવર્ણધામ છોડી વનવાસ સેવ્યો. બહેનો અને બંધુઓ, એવી એ આપણી ગુજરાતી ભાષા અને એવું એ આપણું ગુજરાતી સાહિત્ય કોને પ્રિય ન હોય? એનું અભિમાન આપણે કેમ ન રાખીએ? એની સેવામાં આપણે કેમ નાનમ માણીએ? એનું રક્ષણ કરવા આપણે કેમ પાછી પાની કરીએ? જેવું છે એવું એવું એ સાહિત્ય આપણું છે. અને આપણી સેવા ઉપર એનો જન્મસિદ્ધ હક્ક છે. પણ આપણી સેવા એની પ્રશંસાના બણગાં ફુંકવામાં નથી. એની દિન ઉગ્યે વધતી સમૃદ્ધિમાં આપણે ફુલ નહીં તો ફુલની પાંખડી ઉમેરવાની છે. એમ કરવા જતા આપણા પ્રયાસો વાંકાચૂંકા થઈ ન જાય તે સંભાળવાનું છે. સેવાના આવેશમાં આપણે જે પૂજ્યના ચરણ ચાંપીએ તેને આરામ આપવાને બદલે વિવેકહીણુ બળ વાપરી તેનાં "હાડકાનો ખુરદો" કરી ઉલટી પીડા કરીએ તેમ ના બને તે તપાસવાનું છે. આગળ પાછળનો વિચાર કર્યો વિના માત્ર કાંઇક ચમત્કાર કરી બતાવવાની ઇચ્છાથીજ ઉચ્છેદકવૃત્તિ ધારણ કરતાં સાહિત્યના કોઇ અગત્યના અંગનેજ નુકશાન પુગવાથી 'ચમત્કાર' પણ જાય અને 'નમસ્કાર' પણ જાય એવી સ્થિતિમાંથી એનું રક્ષણ કરવાનું છે. ટુંકમાં, ગુજરાતી સાહિત્ય દુનિયાની બીજી ભાષાઓના સાહિત્યની હરોળમાં નહિ તો તેની હારમાં પણ ઉભું રહે એવું થયલું જોવામાં આપણું અભિમાન તૃપ્ત થાય એમ તો આપણે સર્વે ઇચ્છી શકીએ."

શ્રી ખબરદાર.

For Private And Personal Use Only